# અધ્યાત્મ

વર્ષ ૮ : ઓકટોબર–૧૯૮૬ અંક : ૧

## સદ્ભાવભરી ભેટ

પ. પૂ. ગુરૂદેવની કૃપાથી અધ્યાત્મના વાંચકો તરફથી સદ્ભાવભરી ભેટનો સ્રોત વહેતો રહે છે. છેલ્લે મળેલ ભેટની વિગત નીચે પ્રમાણે છે. સહુને અભિનંદન.

૫-૨૫ શ્રી મૂળશંકર ભવાનીશંકર ઠાકોર વડોદરા તરફથી પુત્રના લગ્ન નિમિત્તે
૧૦૧-૦૦ શ્રી ભગવતીબેન એન. પટેલ વડોદરા લગ્ન નિમિત્તે.
૩૧-૦૦ શ્રી ભરતકુમાર જી. શાહ, રાજકોટ જન્મદિન નિમિત્તે.
૧૧-૦૦ શ્રી ઇશ્વરલાલ એમ. કેડિયા, વડોદરા સંકલ્પ સિદ્ધ થતાં.
૧૫-૦૦ શ્રી અરૂણાબેન ઠક્કર, ભાવનગર.
૨૫-૦૦ શ્રી કાન્તિલાલ શુકલ, અમદાવાદ.
૨૧-૦૦ શ્રીગીતાબેન પુજારા તરફથી બેનવર્ષાની સગાઈ નિમિત્તે.
૧૧-૦૦ શ્રી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.
૧૦૧-૦૦ શ્રી જેઠાનંદ ગેસોટા, પૂના-પુત્ર ધવલકુમારના જન્મદિન નિમિત્તે.

## વિશ્રામગૃહને સહાય

અંબાજી ખાતે બંધાઇ રહેલ પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ માટે છેલ્લા થોડા દિવસોમાં મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

૧૧૩-૦૦ શ્રી ધીરજભાઈ ડાહ્યાભાઈ ભક્ત, દીગસ.
૩૦૧-૦૦ શ્રી એક સાધક તરફથી.
૧૨૫-૦૦ શ્રી મંજુલાબેન ભોગીલાલ શેઠ વડોદરા.
૫૧-૦૦ શ્રી દયાબેન કાનજીભાઇ ગોહેલ, ભાવનગર.
૨૦૧-૦૦ શ્રી રતિલાલ કે. મિસ્ત્રી, રુગ્બી યુ. કે.
૧૦૧-૦૦ શ્રી ચંપકલાલ એન. શાહ વડોદરા.
૧૦૦૧-૦૦ શ્રી કનૈયાલાલ આદિતરામ ત્રિવેદી અમદાવાદ સાભાર સ્વીકાર.

## ※ પુણ્યતિથિ ※



પ. પૂ. જ્યોતિર્મયી–પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની જન્મદાત્રીની પુણ્યતિથિ
છઠ્ઠી પુણ્યતિથિ તા. ૪-૧૦-૮૬

## ● જ્યોતિર્મયી મા ●

જ્યોતિર્મયી જગત માત હતીજ સાચી,
રે' એ સદા સરવ બાલક દેખી રાચી;
પુત્રે ત્યજ્યું જગત જીવન કાય કાચી,
એ ધૈર્યમૂર્તિ નહિ રે' કદી કાંઇ યાચી. ૧.

એણે સહ્યાં દુઃખ વિયોગ તણાં ઘણાંયે,
હાર્યાં કદીય નહિ હામ જગે જરાયે;
એના મૃદુવચન સાંભળી હર્ષ થાયે,
એના સમીપ ખૂબ સ્નેહ સદા છવાયે. ૨.

રે' શ્વેત વસ્ત્ર નિજદેહ પરે સદાયે,
ના કાળજું ખૂબજ શ્વેત કદી છૂપાયે;
ના ઋણ એનું કદી આ જગ ચૂકવાયે,
જેણે દીધો સપુત જે સૌ જ્હાંય સ્હાયે. ૩.

તાર્યાં અનેક જનને નિજ વાક્ય સ્હાયે,
ઠાર્યાં અનેક દિલને વસી પૃથ્વી માંયે;
સેવા સરોજ કરતી ખૂબ સર્વ ધાયે,
છોડી બધું વસી ગઇ શીળી એની છાંયે. ૪.

યોગીશ સાથ ઘુમતી કરી સેવના એ,
સેવા તણી દિલમહીં ધરી ખેવના એ;
માતા ગઇ પણ સરોજ સપંથિની એ,
યોગીશ સાથ બની છે ખરી યોગીનીએ. ૫.

સ્વ. પ્રપન્નલાલ કાજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૭ અંક : ૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.
અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર,
શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી.
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| યોગીનું મન | યોગેશ્વરજી | ૩ |
| પૂ. માતાજીની ડાયરી | માતાજી જ્યોતિર્મયી | ૫ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરીનું અનોખું તપ | સર્વેશ્વરીચરણરજ | ૯ |
| શ્રી ગંગામૈયાની આરતી | શ્રી મા સર્વેશ્વરી | ૧૩ |
| ઇન્દ્રિયોને ન બહેકાવો | વિમલાતાઈ ઠકારે | ૧૫ |
| સાચો યજ્ઞ | સત્ય સાંઈબાબા | ૧૬ |
| ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા (૧) | પ્રા. જનાર્દન દવે | ૧૭ |
| પોતાથી પોતાસુધીની યાત્રા એટલે ધર્મ | ભૂપતરાય મો. ઠાકર | ૨૦ |
| જીવન પ્રવાસ પૂર્ણ કયારે થાય ? | ભૂપતભાઈ દેસાઈ | ૨૨ |
| સેવા–ત્યાગ-પ્રેમ | સં. ઈશ્વરભાઈ એમ. શાહ | ૨૫ |
| નિર્ણયાત્મિકા વિવેકબુદ્ધિ | ભાઇલાલભાઈ છાટબાર | ૩૬ |
| સંસ્કૃતિ અને સંસ્કાર | શ્રદ્ધા દેસાઈ | ૪૦ |
| સાક્ષાત્કારી સર્વશ્રેષ્ઠ | ધમ્મપદ | ૪૫ |
| સર્વેશ્વરી માને ! | અશ્વિનભાઇ પટેલ | ૪૭ |
| પ્રકાશના પંથે | સં. પરમાર્થી | ૪૮ |
| દીવાળી કાર્ડ | — | ૫૩ |
| એક રોમાંચક યાત્રા | નારાયણ હ. જાની | ૫૪ |
| અનુભૂતિ વગરની અભિવ્યક્તિ કૃત્રિમ | રોહિત મહેતા | ૬૩ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૮ ઓકટોબર-૧૯૮૬ અંક : ૧

## યોગીનું મન

ભગવદ્દગીતાના છઠ્ઠા અધ્યાયમાં આત્મસંયમયોગની વિચારણા કરતી વખતે ધ્યાનની અંતરંગ સાધનાની અભિરૂચિ રાખનારા સાધકને માટે કહેવામાં આવ્યું છે કેઃ-

યથા દીપો નિવાતસ્થો નેઙ્ગતે સોપમા સ્મૃતા ।
યોગિનો યતચિત્તસ્ય યુંજતો યોગમાત્મનઃ ॥

સરળ ગીતામાં જણાવ્યા પ્રમાણે કહીએ તોઃ-

હવાવિનાના સ્થાનમાં દીવો ના હાલે,
તેવું મન યોગીતણું ચળે ન કો કાળે,

એનો ભાવાર્થ સ્પષ્ટ છે. એ શ્લોક દ્વારા ધ્યાનની અંતરંગ સાધનાની અભિરુચિવાળા સાધકના સંબંધમાં જણાવવામાં આવ્યું છે કે ધ્યાનની સાધનાના અંતરંગ અભ્યાસક્રમમાં આગળ વધેલા સાધકનું મન એટલું બધું એકાગ્ર બની જાય છે કે બાહ્ય વિષયો, પદાર્થો અથવા આકર્ષણોની અસર એના પર નથી થતી. એ મનની એકાગ્રતા અથવા તલ્લીનતાને સમજાવવા માટે દીપકનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એ દૃષ્ટાંત ખૂબ જ સુંદર અને સુસંગત છે. ઘરના ખૂણામાં દીપકને મૂકવામાં આવે, ત્યાં પવન-

લહેરીનો પ્રવેશ પણ ના થતો હોય તો, એ દીપકની જ્યોતિ જરા પણ હાલતી નથી. એ જ્યોતિ કોઈ પણ પ્રકારના વ્યવધાન વિના સ્થિરતાપૂર્વક જલ્યા કરે છે. યોગીનું મન પણ એવી રીતે આત્માનું અનુસંધાન સાધતાં તન્મય બને છે. એ વિષયોથી ચલાયમાન અથવા વિક્ષિપ્ત નથી બનતું.

એ ઉપમા કેટલી બધી સરસ છે!

એ વિચારધારાના અનુસંધાનમાં આપણે એટલું કહી શકીએ કે જે સ્થાનમાં પવનની લચિત લહરીનો પ્રવેશ ના થતો હોય તે સ્થાનમાં રાખેલો દીપક હાલતો નથી, એમાં કશી અસામાન્યતા નથી. અસામાન્યતા તો ત્યારેજ કહેવાય કે જ્યારે પવનની લહેરીઓની ને પવનનાં તુમુલ તોફાનોની વચ્ચે રહીને પણ દીપક હાલે નહીં અને એવો જ સ્થિર રહે. જ્યાં વિષયો જ ના હોય ત્યાં યોગીનું મન ચળે નહીં અથવા સ્વસ્થ રહે એ સ્વાભાવિક છે. પરંતુ વિષયોની વચ્ચે રહીને પણ પ્રલોભનોના પ્રતિકૂલ પ્રખર પવનો ફૂંકાતા હોય ત્યારે પણ એની અંદર ચંચળતા કે ક્ષોભ ના પ્રકટે એ વસ્તુ ખરેખર અસાધારણ કહેવાય. સાચા યોગીની અવસ્થા એવી અનુપમ હોય છે. એને સમજવા માટે આપણે ગીતાના એ શ્લોકને જરાક જુદી રીતે બોલી શકીએ;

યથા પ્રદીપો વાતસ્થો નેઙ્ગતે સોપમા સ્મૃતા ।
યોગિનો યતચિત્તસ્ય યુંજતો યોગમાત્મનઃ ॥
હવા ભરેલા સ્થાનમાં દીવો ના હાલે,
તેવું મન યોગીતણું ચળે ન કો કાળે.

યોગેશ્વરજી



# પૂ. માતાજીની ડાયરી

માતાજી જ્યોતિર્મયી

સંવત ૨૦૩૩ના જેઠ સુદ પુનમ બુધવાર.

ઇશ્વરની અપાર લીલા પરદેશની યાત્રા–લંડન

[પ. પૂ માતાજી જ્યોતિર્મયી ખૂબ થોડું ભણેલાં. શાળાનું કોઈ વ્યવસ્થિત શિક્ષણ નહિ જેવું. છતાં પૂ. માતાજી પૂ. શ્રી યોગેશ્વરજીની જેમ કદીક કદીક નોંધો કે ડાયરી લખતાં. તા. ૪થી ઓક્ટોબર એમનો નિર્વાણ દિન, તે પ્રસંગે એમની ડાયરીની નોંધ પ્રસાદીરૂપે અહીં મૂકી છે. તેને વિદ્વતાની દૃષ્ટિએ ન મૂલવતા. એમાં જે ભાવ અને સમજ છે તે જ મુખ્ય છે. –તંત્રી]

તા. પહેલી જૂન, અમદાવાદથી પ્રસ્થાન મસૂરી જવા નીકળ્યા. ૩જી જૂન–મસૂરી ઇશ્વરની દયાથી સુખરુપ પહોંચ્યા. તા. ૩/૬/૭૭ થી તા. ૮/૬/૭૭ ના રોજ પ્રવચનો શરૂ થયા, ઇશ્વરની ઇચ્છા પ્રમાણે પરદેશ જવાનુ પાકું થવાથી તા. ૨૬ મીનાં પ્રવચનો પૂરા કરી, અમે અમદાવાદ આવવા ટિકિટો લીધી. મસૂરીનાં માણસો ખૂબજ પ્રેમી છે. વાત સાંભળી થોડા નિરાશ થયા, ને ખુશી પણ થયા. કારણકે દર વરસે અમો સાડાચાર મહિના મસૂરી રહેતા હતા. છેલ્લાં અઢાર વરસથી ચાર મહિના સત્સંગ ચાલ્યાં જ કરે છે. જનતા ખૂબજ પ્રેમથી લાભ લેતી હતી. તા. ૨૭/૬/૭૭ ના રોજ અમો મસૂરીથી નીકળી, બે દિવસ માટે ઋષિકેશ આવ્યા. તે પહેલાં લાંબો સમય લગી, ઋષિકેશ રહેતા હતાં એટલે ગંગાજી યાદ આવે જ. તા. ૨૯મી એ અમો દહેરાદૂન આવ્યા, સાડા અગિયાર વાગે, ગાડીમાં બેસવા વડોદરા જવા માટે. જોવો ઇશ્વરની કેવી લીલા છે. દિલ્હી એક ભાઈને

મોકલ્યા, અમદાવાદ જવા માટે, પરંતુ રિઝર્વેશન મળ્યુ જ નહિ. એટલે મસૂરીથીજ વડોદરાની ટિકિટો લીધી ને વડોદરા ગયા. તા. ૩૦મીની રાત્રે સાડાનવ વાગે વડોદરા આવ્યું. કેટલાય પ્રેમી ભાઇઓ તથા બહેનો હાજર હતા. ખૂબ જ પ્રેમથી સ્વાગત કર્યું. સરસ મજાનો હોલ સ્ટેશન પર રાખેલો ને કાર્યક્રમ દોઢેક કલાક ચાલ્યો. પછીથી ભરૂચની શિબિરમાં પ્રેમીભાઇ મહેતા સાહેબની સેવાનો લાભ મળેલો. પૂજ્ય મહાત્માજીએ તેમને પણ લંડન જવાનો પત્ર લખેલો. એટલે ખૂબજ પ્રેમી બંને આવ્યા અને વડોદરા ગાડી લઇ અમને રાતના જ મુકવા આવ્યા. અમદાવાદ પહોંચ્યા રાતના એક વાગે. બેન-બાળકો ખુશ થયા. સવારે તા ૧/૭/૭૭ શુક્રવાર અષાઢ સુદી પુનમ ગુરુપુનમનો દિવસ હતો. અમોએ આ કામ મુંબઇની શિબિરમાં આવેલ, જયંતીભાઇને સોંપેલુ. અમારા પર તે અપાર લાગણી તથા પ્રેમ રાખે છે. ને કામ કરી પણ દીધું. ઈશ્વરની મહાન દયાથી કામ પતી પણ ગયું. પાસપોર્ટ તો ભાવનગર હતા, ત્યારે જ થઈ ગયેલા. વિધિ પરદેશ જવા માટે ખૂબ જ કરવી પડે છે. હવે મણિનગર ત્રણ દિવસ રહ્યા. પ્રેમી ભાઇઓ બહેનો મળવા આવેલ. મળીને ઘણોજ આનંદ થયો. વરસાદનો પાર છતાં હસ્તા મુખે સૌ મળવા આવે. અમદાવાદ તા. ૨જી એ, અખંડાનંદ હોલમાં, કાર્યક્રમ ગોઠવેલો-પૂજ્ય મહાત્માજીનાં વિદેશ-ગમનનો ખૂબ જ સુંદર હતો. હવે તા. ૩જી બુધવારે રાતનાં મુંબઇ જવાનું હતું. વરસાદ ચાલુજ હતો, છતાં ખૂબ જ પ્રેમી ભાઇ-બેનો સ્ટેશને અમોને વિદાય આપવા આવેલા. હારતોરા કરી, ખૂબ જ આનંદ લીધો, ને અમારી ગાડી ઉપડી, જોતાંજ રહ્યાં, ગદ્‌ગદ્‌ હ્રદયે જોતાજ રહ્યાં. બેન તારા તથા રમીલાબેનને ખૂબ જ દુ:ખ થયું. વિદાય આપતાં



થાય, તે સ્વાભાવિક છે. માતા તથા દિકરીનો પ્રેમજ એવો છે. બેનને અંતરથી આશિર્વાદ આપ્યા. બેન તમો ખૂબ જ સુખી રહો, ને તમારું જીવન ઈશ્વર સદા સુખી કરે, ખૂબ જ આનંદથી રહો ને ઈશ્વર સ્મરણ કરો. અંતરમાં ગદ્‌ગદ્‌ હ્રદય વિચાર થયા કરે. પ્યારા પ્રભુની અપાર લીલાનું જ દાન છે. કયાં નાનકડું સરોડા, કયાં પહેલાનું જીવન, કયાં વળી માતાજીનું અન્નજળ પાણી પરદેશનું ! મહાન પવિત્ર શ્રી દેવી સ્વરૂપ તપસ્વી ભાઇની તપસ્યાનું ફલ, વડીલોનાં મીઠાં આશિષનું જ પરિણામ છે. આ તો રંક માતાની ગોદમાં જન્મ ધરી, નિમિત બન્યાં. ધન્ય છે ભક્તને! ભગવાન્, જીવન ધન્ય બન્યુ ને સફળ થયું ને માતાનું જીવન પણ ધન્ય બન્યુ ! જીવવું સફળ થયું. જેણે જન્મ ધરી, નાની ઉંમરથી જ પ્યારા પ્રભુનું શરણું લીધુ, પવિત્ર ચરણોમાં ચિત્ત ચોટાડી, તેનું શરણું લઇ અનેક સંકટો સહી જીવન ધન્ય બનાવ્યું છે. તેની સાક્ષીપણ હું બની છું. આવા જીવનને પણ ધન્ય છે. હવે તા. ૪/૭/૭૭ નાં રોજ આવ્યા, મુંબઇ સ્ટેશને. બધાંજ પ્રેમી ભાઇ બેનો સ્વાગત કરવા આવેલા ને બહુ ખુશી થયા. પ્રેમીભાઇ અરવીંદભાઇ અને પ્રવીણાબેનનાં આગ્રહથી, તેમનાં ઘેર ગયા. તે પણ ખૂબ જ સંસ્કારી છે અને પ્રેમીભાઇ કાંતિભાઇનો વારસો સાચવી રાખ્યો છે. હવે, તા. ૬ ને બુધવારે, તારાબેન, રમીલા, પંકજકુમાર અમદાવાદથી આવ્યા હતા પ્રેમી વિષ્ણુભાઇને ત્યાં, તેપણ ખૂબ જ પ્રેમી છે. કાન્તાબેનનો પ્રેમ પણ અજબ છે. ભાઇ જયંતિભાઇ મોટર લઈ ગયેલાં, બેન બાળકોને લેવા. વરસાદ ખૂબ જ હતો. જમી પરવારી આવ્યાં.

અમારી પાસે સારોય દિવસ તેમને લાભ મળ્યો. સાંજનાં સાત વાગે, કાર્યક્રમ હતો, મુંબઈનાં ભાઈઓ તથા બેનો

ખૂબ જ ભાવિક છે. સુંદર રીતે કાર્યક્રમ ગોઠવેલો. ઘણાં જ ભાઈઓ મહાત્માજી સંબંધી બોલેલા. આનંદનો પાર ના હતો. આ બેન-બાળકોને જોવા મળ્યું. હવે, બીજે દિવસે સવારે અષાઢ વદ પાંચમ તા. ૭/૭/૭૭ ગુરુવારે ઈશ્વરની દયાથી લંડન જવાનું હતું. વહેલી સવારે વિમાન આઠ વાગે. ઉપડવાનું તેથી ઘરેથી સવારે સાડા પાંચ વાગે નીકળવાનું હતું. પ્રેમી વિષુભાઈ, બેન-બાળકો સાથે, આવી ગયા ને, સાથે જ નીકળ્યા. સાન્તાક્રુઝ-વિમાન ઘર પર બીજા પણ ખૂબ જ ભાઈ-બેનો આવ્યા હતા. આવા મહાન પુરૂષને મળવા. અમારું વિમાન આઠને બદલે સાડા-નવ કલાકે ઉપડયું દોઢ કલાક લેટ હતું. ને બહાર નીકળી જોયું કે કાંઈક-કાંઈક દેખાય છે. બરાબર દેખાય નહિ, અરે, વિમાનમાં બધાંને યાદ કર્યા હતાં. નવા-નવા દૃશ્યો નિહાળતાં, વિમાનમાં દોડતાં જ હતાં. રાતનાં નવ વાગ્યે પહોંચ્યાં લંડન. ઈશ્વરની દયાથી, આજે તા. ૧૪/૭/૭૭ ગુરૂવાર છે. ઈશ્વરની મહાન લીલાનું દર્શન કરીએ છીએ. વિમાન પર પ્રેમી ભાઈઓ લેવા આવેલા. બાલમુકુંદભાઇ, જીવણુભાઈ, બીજા પણ ભાઈઓ લેવા આવેલાં. સૌને મળી આનંદ થયો. બધાં ગુજરાતી ભાઈઓને જોઇ આનંદ થયો. હૃદય ગદ્‌ગદ્‌ બની ગયું ને મોટરમાં ઘેર ગયાં. અમારો ઉતારો પ્રેમી જીવણુભાઈને ત્યાં રાખેલો. મકાન રોડ પર ઘણુંજ સુંદર છે. ઘરના બધાં જ માણસો ખૂબ જ પ્રેમી છે. ને પ્રેમથી સેવા કરે છે. આનંદ આવે છે લંડનમાં. ગુજરાતીઓની વસ્તી ઘણીજ છે. લંડન શહેર ખૂબ જ વિશાળ છે. સુંદર પણ ઘણું જ છે. મોટરોનો પાર જ નથી. એકાદ સ્કુટર તથા સાયકલ જોવા મળે છે. રસ્તા મોટા ને ચોખ્ખાં છે માણસો પોતપોતાનાં કામમાં. મકાનમાં ફાલતું જોવા જ નહિ. ધન્ય છે, ઈશ્વરની લીલાને. તેની લીલા અપરંપાર છે.



# પૂ. માશ્રી સર્વેશ્વરીનું અનોખુ તપ

સર્વેશ્વરીચરણરજ

આધ્યાત્મિક માર્ગમાં જેને કંઇ પણ પ્રાપ્ત કરવું છે, તેને માટે જપ, તપ અને ધ્યાન એ આવશ્યક છે. ભારતના પ્રાચીન મહામુનિ શ્રી પતંજલિએ પણ પોતાના યોગદર્શનના બીજા પાદનો પ્રારંભ આ સૂત્રથી કર્યો છેઃ-

તપ સ્વાધ્યાય ઈશ્વર પ્રણિધાનાનિ ક્રિયાયોગઃ। એટલે તપ એ સાધનાનું બહુ મહત્ત્વનું અને આવશ્યક અંગ મનાય છે. આપણે પણ જાણીએ છીએ કે જે જે ભકતો, સાધકો કે સંતો તપ્યા છે તેમને તેઓની યોગ્યતા પ્રમાણે અવશ્ય ફળ મળ્યું છે. તપ કદી નિષ્ફળ જતું નથી. પરંતુ તપ એ કોઇ હઠાગ્રહ નથી. એમાં ભકત કે સાધક પોતાના અંતરના આદેશ પ્રમાણે કે ઇષ્ટ-ગુરુની આજ્ઞા કે સૂચન પ્રમાણે તપતા હોય છે.

આપણી સામેજ આપણા ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો દાખલો છે. તેઓ હિમાલયના એકાંતમાં વસી લગભગ વીસ વર્ષ સુધી એકધારા તપ્યા. એમની એ સાધનામાં એમનું માર્ગ-દર્શન મા જગદંબાજ પરોક્ષ રીતે કરતાં હતાં. કદીક તે કોઇ સંતના સ્વરૂપમાં આદેશ આપતી તો કદીક આંતઃપ્રેરણાના અવાજ રૂપે પ્રકટ થતી.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના જીવનમાં પણ પ. પૂ. ગુરુદેવ-શ્રી યોગેશ્વરજીજ તપના પ્રેરણાદાતા ને શક્તિદાતા છે; નહિ તો આવું આકરૂં તપ કરી શકાય નહિ. માનવ બુદ્ધિને ભ્રમ-માં નાંખી દે, એનો કોઇ બુદ્ધિજન્ય ખુલાસો ન મળે એવી એ વાત છે.

૧૮ માર્ચ, ૧૯૪૮નો પૂ. ગુરુદેવના ભૌતિક વિદાયનો

એ દિવસ–એ છે પૂજ્ય માના ઉપવાસોનો પ્રારંભ દિન. જુઓ તો કેટલા દિવસો વીતી ગયા! લગભગ પોણાત્રણ વર્ષો–૯૨૫ દિવસ ઉપર થઇ ગયા અને છતાં એ એકધારૂં ચાલે છે. ખબર પડતી નથી કે પૂ. મા ઊભા થવાની, ફરવાની, પોતાનું સાધનભજન કરવાની શક્તિ ક્યાંથી મેળવે છે? આટલા દિવસોના ઉપવાસવાળી વ્યક્તિ શું હરી ફરી શકે? કલાકો સુધી એક પલાંઠીએ બેસી જપ, ધ્યાન કે સત્સંગ સંચાલન કરી શકે? એટલેજ માનવું પડે કે પૂ માનું આ તપ પ્રભુસંમત છે, ગુરુસમંત છે અને એની પાછળ પ્રભુની મંગલમયી શક્તિનો મંગલમય હાથ અભય પ્રદાન કરી પૂ. માની રક્ષા કરી રહ્યો છે, એમને શકિત ને સ્ફુર્તિ દઇ રહ્યો છે ને એમનાં ધૈર્ય ને મનોબળને ટકાવી રહ્યો છે.

૯૨૫ દિવસો એ શું ઓછો ગાળો છે! સામાન્ય માનવી આઠ, દસ કે વીસ પચ્ચીસ દિવસમાં સંપૂર્ણ પથારીવશ થઇ જાય છે, ત્યારે પૂ. મા તો પ્રભુની આજ્ઞા પ્રમાણે ફરતાં રહે છે, પ્રવાસ કરતાં રહે છે, અને પોતાના સાધનાપથ પર અડગ ડગલાં ભરતાં રહે છે. એમની સાધનામાં આ ઉપવાસોએ કશી મંદતા નથી આણી, એમની વાણીની મીઠાશ ને ઓજસ જરાય ઝાંખાં નથી થયાં કે નથી થઇ એમની સ્મૃતિમાં મંદતા કે ભ્રંશતા! આ કેવું વિરલ છે! માનવ બુદ્ધિ કે એનું વિજ્ઞાન એનો તાગ પામી શકે તેમ નથી.

પૂ. માને હમણાં તા. ૩/૯ ના રોજ દિલ્હી જવાનું થયું. પૂ. મા જયારે ઉત્તર ભારત જાય ત્યારે ગંગાજી અચૂક જાય. ગંગામૈયા ઉપર પૂ. માને ખૂબ પ્રેમભાવ ને શ્રદ્ધા. એમને મન ગંગાનો એ પ્રવાહ જીવંત ચિન્મય દેહસ્વરૂપ.

એથી પૂ. માનો એ નિયમ કે ગંગાજી તરફ જ્યારે વડોદરા કે અમદાવાદથી જવા નીકળે ત્યારે જળનો પણ



ત્યાગ કરી દે. ગંગાજી પહોંચે, ત્યારે સ્નાન કરીને ગંગા-જળનું પાન કરે.

આ ત્રીજીના પ્રવાસ વખતે પણ પૂ.માને વિચાર આવ્યો કે એ નિયમનું પાલન થવું જોઇએ. પરંતુ એમાં એક મુશ્કેલી હતી. પૂ. માને તા. ૪ અને ૫ સપ્ટે. સુધી દિલ્હીમાં રોકાવાનું હતું કારણ કે પૂ. માનાં બેનને તે દિવસે રાષ્ટ્રપતિના હાથે એવોર્ડ ગ્રહણ કરવાનો હતો. દિલ્હીમાં ગરમી ઘણી પડે. તેમાં આ વર્ષે તે વખતે વરસાદ ઓછો ને શ્રાવણના અંતિમ દિવસોની ભાદરવા જેવીજ ગરમી. છતાં પૂ. માએ ગંગામૈયાને પ્રાર્થના કરી કે 'હે મા, તું મારો નિયમ પળાવજે.' અને પૂ. માએ દિલ્હીના એ અઢી દિવસના વસવાટ દરમ્યાન પાણીનું ટીપું પણ લીધું નહિ. કેવું અદ્ભુત મનોબળ!

તા. ૬/૯ના રોજ સવારે દિલ્હીથી નીકળી હરિદ્વાર બપોર પછી પહોંચ્યાં ત્યારે આર્યનિવાસના ઉતારામાં મુકામ કરી, સ્નાન કરી, ગંગાજળ પીધું. પૂરા સડસઠ કલાક પૂ. ગંગા-મૈયાએ પૂ. માની ટેક સાચવી. એમના શરીરને પણ સાચવ્યું.

કેમ ના સાચવે? પૂ. માએ ગંગામૈયાની આરતી કેટલા બધા ભાવથી લખી છે. એ આરતી આપણે પ્રસાદીરૂપે આ અંકમાં છાપી છે. જેને એમાં શ્રદ્ધા ભક્તિ હોય તે એને યાદ કરી, ગંગામૈયાની કૃપા પૂ. માની જેમ માણી શકે છે.

અને ગંગામૈયા કે પૂ. ગુરૂદેવ-પૂ. માનું કેવું ધ્યાન રાખે છે, તે જોઇએ.

આ વખતે પૂ. માએ આર્યનિવાસમાં પોતાના જવા અંગેની ટપાલ લખેલી નહિ એટલે ત્યાંના સેવાભાવી મેનેજર શ્રી અમૃતલાલભાઇને કંઈ ખબર નહિ–કે પૂ. મા ક્યારે આવવાનાં છે. આમ છતાં એક વિચિત્ર ઘટના બની, એની જાણ પૂ. માને પાછળથી થઈ.

પૂ. મા હરિદ્વારમાં આર્યનિવાસમાંજ ઉતરે અને તે પણ માળ ઉપરના એક ચોક્કસ કમરામાં. બન્યું એવું એ કે કમરામાં ગુજરાતના એક વી. આઇ. પી.ના ભાઇ તેમના પરિવાર સાથે ઉતરેલા. પરંતુ મેનેજર શ્રી અમૃતલાલભાઈને કાંઇ આંતર પ્રેરણા થઇ કે એમણે એ ભાઇને એ રૂમ ખાલી કરવા તા. પાંચમીએ સૂચના આપી અને કહ્યું તમારે રહેવું હોય તો બીજો કમરો હું આપું છું. પેલા ભાઇએ ન છૂટકે કચવાતે મને એ કમરો ખાલી કરી દીધો.

અને બીજાજ દિવસે પૂ. મા અચાનક ત્યાં પહોંચ્યાં તો તેઓને જોતાંજ શ્રી અમૃતલાલભાઇએ કહ્યું 'અરે મા, તમે કયાંથી પધાર્યાં ? આ વખતે કંઇ ટપાલ પણ લખી નહીં.'

પૂ. માએ કહ્યું : પહેલાં કહો તો ખરા કે અમારે ઉતરવાની જગા છે કે કેમ !

"હે મા, જગા છેજ. ગઇકાલેજ મેં તે ખાલી કરાવી છે. આપ જરૂરથી પધારો."

પૂ. માના એક પરિચિત ભક્ત પૂ. માના ઉતારાની સામે ઉતરેલા. તેઓ પૂ. માને પ્રણામ કરવા આવ્યા. તેમણે કહ્યું, "ગઇકાલે મેનેજર સાહેબ આ રૂમ ખાલી કરાવતા હતા ત્યારે હું હાજર હતો. કોઈ વી. આઈ. પી. માટે આ રૂમ ખાલી કરાવાઈ રહ્યો છે, તે સાંભળી મને કૂતુહલ થયેલું કે એવા તે કોણ વી. આઈ. પી. હશે ? પણ ખબર નહીં કે મા આપજ એ વી. આઈ. પી. છો."

પૂ. માએ કહ્યું : અરે ભાઈ, અમે થોડાં વી. આઈ. પી. છીએ ! પણ પૂ. ગુરૂદેવ અને ગંગામૈયાએ શ્રી અમૃતલાલભાઇને આવી પ્રેરણા કરી—અકળ લીલા કરી. ખરૂં કે નહિ. પૂ. ગુરૂદેવ માશ્રી સર્વેશ્વરી ને ગંગમૈયાની જય હો. ! જય હો. ! જય હો. !



## શ્રી ગંગામૈયાની આરતિ

જય જય જય શ્રી ગંગા માતા.
ભાગીરથી વંદુ તને....(૨),
ગંગા હે, કલ્યાણ કારિણી.
બ્રહ્મ સ્વરૂપા, હે મા !
વિષ્ણુ સ્વરૂપા, હે મા ગંગા,
ભાગીરથી વંદુ તને... જય જય જય

ગંગા હે જીવનદાયિની.
શિવ સ્વરૂપા, હે મા,
શક્તિ સ્વરૂપા, હે મા ગંગા !
ભાગીરથી વંદુ તને... જય જય જયશ્રી.
ગંગા હે ક્ષેમવતી દેવી,
નારાયણિ સ્વરૂપા.
શ્રી નારાયણ ચરણે પ્રગટી,
ભાગીરથી વદું તને..... જય જય જયશ્રી.

ગંગા મા હે રોગ વિનાશિની,
પાપ વિનાશિની, હે મા !
સર્વ સંકટને હરનારી,
ભાગીરથી વંદુ તને..... જય જય જયશ્રી.
ગંગા મા હે ! મોક્ષદાયિની.
મંદાકિની સ્વરૂપા,
મંદ ગતિથી વહેનારી મા,
ભાગીરથી વંદુ તને...... જય જય જયશ્રી

ગંગા મા હે ! સ્વર્ગવાસીની.
નંદીની, પૃથ્વી સ્વરૂપા,
શિવામૃતા વિરજા નામે મા.
ભાગીરથી વંદુ તને...... જય જય જયશ્રી

ગંગા મા હે! લિંગ ધારિણી.
મંગલકારી, હે મા!
વરદાયીની અધીશ્વરી દેવી,
ભાગીરથી વંદુ તને......જય જય જયશ્રી.
હે મા ગંગા! પાવન કરજો.
યોગેશ્વર સ્વરૂપા,
પૂર્ણ રૂપે મા પ્રગટો આજે.
દિવ્ય રૂપે સમાવો......જય જય જયશ્રી.
હે મા ગંગા! તારા ચરણે,
શ્રી ગુરુદેવ વિરાજ્યા,
ધન્ય બનાવ્યું જીવન જેનું,
ભાગીરથી વંદુ તને......જય જય જયશ્રી.
હે મા ગંગા! દર્શન દીધાં.
કૃપા કરીને પ્રેમે,
ફરી ફરી એ દર્શન દઈ દો,
વિનંતી આજ સુણી લો.......જય જય જયશ્રી.
હે મા ગંગા! ધન્ય બનાવો.
પૂર્ણ બનાવો પ્રેમે,
દર્શનનું દો દાન હવે મને,
પૂર્ણપણે અપનાવો......જય જય જયશ્રી.
હે મા ગંગા! તારા ચરણે
પ્રમાણ કરું છું પ્રેમે,
નમસ્કાર કરું તારા ચરણે,
દંડવત કરું, હે મા!
જય જય જય શ્રી ગંગા માતા.
ભાગીરથી વદું તને......(૨)
શ્રી મા સુર્વેશ્વરી.



# ઇન્દ્રિયોને ન બહેકાવો

વિમલાતાઇ ઠકારે

અન્નને ભૂખને અને ખાવાપીવાની વાતને જ આપણે વધુ પડતું મહત્ત્વ આપી દીધું છે અને તે માટે એની સામગ્રી એકઠી કરવામાં અને એ જાળવવામાં જ માનવદેહ એળે ગુમાવી રહ્યા છીએ.

ઇન્દ્રિયોને પોતાના વિષયો છે એ બધુ ઠીક છે, પરંતુ કોઇને વધુ પડતું મહત્ત્વ આપવું જોઇએ નહિ. બધીજ ઇન્દ્રિયોનો વ્યવહાર આસક્તિભર્યો, લોલુપતાભર્યો ન થાય તે જોવાની ખાસ જરૂર છે, બધાજ સંકલ્પ-વિકલ્પોને સમેટી લેવાની જરૂર છે, અને વાણી માટેનો સંયમ તો આધ્યાત્મિક સાધના માટે અત્યંત મહત્ત્વનો છે.

Space donated by:-

* એક્સ પ્રોટેક્સ *

૩૦૫/૩૦૬ જી. આઈ. ડી. સી. એસ્ટેટ વિઠ્ઠલ ઉદ્યોગનગર
વલ્લભવિદ્યાનગર-૩૮૮-૧૨૧

# સાચો યજ્ઞ

સત્ય સાંઈબાબા

આગ પ્રગટાવો, એમાં જવ, તલ, નાળિયેર વગેરે હોમો તે જ શું યજ્ઞ છે?

તો જવાબ છે, ના.

યજ્ઞ તો જીવનમાં હરઘડી, હરપળ કરવાનો હોય છે. મા બાળક માટે ત્યાગ કરે છે તે છે યજ્ઞ, મિત્ર મિત્ર માટે ત્યાગ કરે છે તે યજ્ઞ, ધનવાન ગરીબો માટે કશાજ ઢોલ પીટ્યાં સિવાય ત્યાગ કરે છે તે છે યજ્ઞ પોતે. ભૂખ્યો રહીને પણ બીજા ભૂખ્યાને જમાડે તે છે યજ્ઞ, સબળો નબળાને મદદ કરે તે છે યજ્ઞ, અને જ્યારે જીવન આખું યજ્ઞમય બની જશે, ત્યારે અહં (ego) હુંપદ એની મેળે ઓગળી જશે અને એ ઓગળતાં જ નદી જેમ સાગરને જઈ મળે છે તે જ રીતે આત્માનું પરમાત્મા સાથે મિલન થઇ જશે.

પરંતુ એ કંઇ એવી સહેલી વાત નથી. એની સાથે જોડાણ તો જ થાય જો સંચિત કર્મની પૂરેપૂરી નિર્જરા–થઇ ગઇ હોય તો જ. અર્થાત્ એ બધાજ કર્મો ખપાવી નાંખ્યાં હોય તો જ.

Space donated by:–

**નોડયુલ કાસ્ટ**

૭૮૫, જી. આઇ. ડી. સી. એસ્ટેટ મકરપુરા

વડોદરા–૧૦



# ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા–(૧)

પ્રા. જનાર્દન દવે.

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ सहनाववतु । सहनौ भुनक्तु । सहवीर्यं करवावहै ।
तेजस्वीनावधीतमस्तु । मा विद्विषावहै ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ઉપનિષદો એટલે વેદ નારાયણ જ. વેદો એ ઋતંભરા પ્રજ્ઞાપર પહોંચેલા ઋષિઓનાં દર્શન છે. વેદરચના ખુદ નારાયણ પણ કરતા નથી. શ્રીભગવાન અગાઉના કલ્પમાં હતા તે જ ક્રમમાં અંતર્લીન થયેલા વેદોને પુનઃ પ્રકટ કરે છે. સર્વજ્ઞ અને સર્વશકિતમાન બ્રહ્મતત્ત્વનું આ અપૌરુષેયજ્ઞાન વિના પરિશ્રમે અનાયાસ નિઃશ્વાસવત્ પ્રકટ થાય છે એટલે જ यस्य निःश्वसितं वेदाः वेदेभ्यो योऽखिलं जगत् શ્રુતિ પણ આ જ્ઞાનની મદદથી જ ભગવાન પણ વિશ્વનિર્માણ કરે છે એવું બોલી છે.

વેદ ભગવાનના બે વિભાગો છે મંત્રભાગ અને બ્રાહ્મણ ભાગ. મંત્રભાગમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વ-વેદ એવી સંહિતાઓ છે. સત્ય, ત્રેતા બન્નેમાં આ ચાર સંહિતાઓના રૂપોમાં વેદ વિભાજિત ન હતા. દ્વાપરમાં શ્રી-ભગવાનના કલા અવતાર ભગવાન કૃષ્ણદ્વૈપાયન મહર્ષિએ ઋચાઓ, યજુસો, સમાન્ એવા ત્રણ પ્રકારના મંત્રોને યજ્ઞના હોતા અધ્વર્યુ, ઉદ્ગાતા એવા બ્રાહ્મણોના ક્રિયા કલાપ પ્રમાણે

જુદા જુદા વિભક્ત કરી ત્રણ સંહિતાઓ બનાવી અને આ ત્રણમાં જે સમાવેશ પામી શકે તેમ ન હતા તેવા મંત્રોની ચોથી સંહિતા અથર્વ સંજ્ઞાથી રચી તેને યજ્ઞના બ્રહ્મા નામના પુરોહિત માટે અલગ કરી.

વેદવિભાગના આ કાર્ય વડે જ ભગવાન કૃષ્ણદ્વૈપાયન ટૂંકા 'વેદવ્યાસ' એવા નામાભિધાનથી પ્રખ્યાત થયા.

પરંતુ આ ચાર સંહિતાઓ જ માત્ર વેદો નથી. તે ચારેય સંહિતાઓનાં વ્યાખ્યાનો–ભાષ્યો–વિવરણો ગણાય તેવા બ્રાહ્મણગ્રંથો–આરણ્યકો અને ઉપનિષદો પર્યંતનું વાઙ્મય વેદ શબ્દથી ઓળખાય છે.

કેટલાક વિદ્વાનો બહુ યોગ્ય રીતે માને છે કે વેદના ત્રણ કાંડ છે–કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ–આ વાત અંશતઃ જ સત્ય છે. વાસ્તવમાં તો કર્મકાંડના ગણાતા મંત્રો પણ એક રીતે તો ઉપાસના જ છે અને તેના અર્થોનું ચિંતન કરવામાં આવે તો તેમાં પણ બ્રહ્મવિદ્યાની ચર્ચા અર્થાત્ જ્ઞાનકાંડ પણ છે જ.

ઉદાહરણ તરીકે શુક્લ યજુર્વેદના અષ્ટાધ્યાયીના મંત્રો હોમાત્મક કે અભિષેકાત્મક રુદ્રી, લઘુરુદ્ર, મહારુદ્રમાં પ્રયોજાય છે. એ રીતે આ મંત્રો કર્મકાંડ સાથે સંકળાયેલા કહેવાશે, પણ આ કર્મકાંડ સાથે તેમાં શિવતત્ત્વની ઉપાસના છે એટલે આ મંત્રો ઉપાસના કાંડના પણ ગણાશે. તે नमस्ते નામથી ઓળખતા અધ્યાયમાં नमोज्येष्ठाय સૌથી વડીલને પ્રણામ कनिष्ठाय च સૌથી નાનાને પણ પ્રણામ, पूर्वजाय પૂર્વે જન્મેલાઓને પ્રણામ, च अपरजाय અને વળી પછી જન્મેલાને પણ પ્રણામ, અરે આ શિવ ભગવાન તો नमः तक्षेभ्यः સુથારોમાં



છે તેમને પ્રણામ, रथकारेभ्यश्च, कुलालेभ्यः कर्मारेभ्यश्चः તેઓ જ રથ બનાવનાર છે કુંભાર પણ છે, કારીગર પણ છે, श्वनिभ्यो मृगयुभ्यश्च नमः શ્વાનનાં ટોળાં લઈ રખડનારા શ્વાપદો અને શિકારીઓ પણ છે તેમને પ્રણામ, नमः कपर्दिने च व्युप्तकेशाय જટાવાળાને અને માથે મુંડાવાળાને પણ પ્રણામ.

આમ આ મંત્રોમાં શિવ તત્ત્વ સર્વવ્યાપક, સર્વાન્તર્યામી છે આ રીતે કર્મજ્ઞાન ઉપાસના વેદોમાં ભેગાંજ છે. પંચામૃતસ્નાનમાં કર્મકાંડના એક મંત્રમાં ऋतायते ઋત અને સત્યનાં દ્દષ્ટાને માટે मधुवाताः મધુર વાયુઓ છે, मधुक्षरन्ति सिन्धवः નદીઓ પણ બ્રહ્મના માધુર્યવાળી છે, मधुनक्तम् રાત્રિ મધુર છે, उत उषस વળી ઉષાઓ પણ મધુર છે, मधुमत् पार्थिवं रजः પૃથ્વીની ધૂળ પણ ધૂળ નથી પણ આનંદમય બ્રહ્મ છે, આવા બ્રહ્મમય ભાવોવાળો મંત્ર મધુસ્નાન માટે છે.

इदं विष्णुः विचक्रमे त्रेधा निदधेपदम् એ પ્રખ્યાત વિષ્ણુ મંત્રમાં વામન અવતારનાં બીજ છે, તો સાથે વિષ્ણુ અર્થાત્ વ્યાપક બ્રહ્મ તત્ત્વજ જાગ્રત્ સ્વપ્ન ને સુષુપ્તિ વાળા ૐકારરૂપ अकार उकार मकार એમ ત્રણ માત્રાવાળું છે એવો ગૂઢાર્થ તેને બ્રહ્મવિદ્યા સાથે સંબંધિત કરે છે.

આ રીતે કર્મકાંડના મંત્રો નથી માત્ર કર્મકાંડના–ઉપાસનાકાંડના મંત્રો નથી માત્ર ઉપાસનાકાંડના કે જ્ઞાનકાંડના મંત્રો પણ કેવલ જ્ઞાનકાંડના નથી–આ ત્રણે પરસ્પરાનુંબદ્ધ છે. કર્મમાત્ર ઉપાસના તો છે જ, પણ ઉપાસ્ય દેવતાનું તેમનામાં પ્રતિપાદન હોવાથી તે જ્ઞાનકાંડના પણ મત્રો છે એમ ચોક્કસ કરી શકાશે.

*

# પોતાથી પોતાસુધીની યાત્રા–એટલે ધર્મ

ભૂપતરાય. મો. ઠાકર 'ઉપાસક'

'Foot–Printless Journey'

ધર્મ એ અનેક વાતોથી, તત્ત્વોથી, તર્ક અને તથ્યથી છવાયેલું, અકથ્ય, અગમ અને અગોચર તત્ત્વ છે. ધર્મ વિશે કશું કહેવું એ બાલિશતા છે. આકાશ જેટલી વિશાળતા લઇને વિસ્તરેલી વાત છે. અનેક સમજ અને અનુભવોનું ભાથું છે. આમ હોવા છતાં આપણું અંગત–આપણો પોતીકો ધર્મ કયો ? આ મુંઝવણ પણ ઓછી નથી. વ્યકિતગત પોતાનો કહી શકાય એ ધર્મ કયો ? એ નશ્વર પ્રશ્ન પણ છે જ. ધર્મનો કયો એકમ માનવને સુખ–શાંતિ અને શાણપણ આપી શકે ?

ધર્મ એ સાવ પોતીકી અનુભૂતિ છે. જ્યારે પોતાની જાત ઉલેચાય, સ્વયંને અનુભવ થાય, પોતાને વેદના અનુભવાય, પોતાનાથી આર્તનાદ થાય, જાત સાથે સંવાદ રચાય, આમ થતાં થતાં જે તત્ત્વ જન્મે તે ધર્મ હોય. આમ સ્વયંમાં સ્વયં પ્રગટેલું બળ તે ધર્મ બને. પોતાનામાંથી બહાર આવતું પરમ તત્ત્વ તે ધર્મ હોય. ધર્મ કોઇએ આપેલું, ઉછીનું, પરાયું કયારેય ન હોય તે તત્ત્વ છે. ધર્મ પોતાનો જ પર્યાય બની શકે.

ધર્મ એ માણસે કરેલી માણસ સુધીની યાત્રાનું મંગલ તીર્થ છે. માનવ પોતાને જગાડે, આત્મ શકિત એકઠી કરે, પોતાને ઓળખે, સ્વયંની ઓળખ મેળવે પછી સહજરીતે ધાર્મિક બની જાય છે; પ્રવાહી બની જાય છે, સરળ અને સ્વાભાવિક બની જાય છે. વિશ્વ તેનામાં અને વિશ્વમાં તે ભળી જાય છે. તે સર્વનો અને સર્વ તેનામાં સમાય છે ધર્મ પ્રાપ્ત થાય પછી–લોભ, ભય, ક્રોધ, વિવાદ નાશ પામે છે. અથવા આ તત્ત્વોના નાશ પછી ધર્મ પ્રસ્થાપિત થાય છે. પ્રાણી માત્ર પોતીકા બની જાય છે. વિશ્વની તમામ સ્થાપિત વ્યાખ્યાઓને તે અતિક્રમી જાય છે. બધાજ નાત, જાત, રંગ ભેદ, ભાષા ભેદ તેને રહેતા નથી. માત્ર જીવ–કલ્યાણ, જીવોની શુભ કામનાઓ, જીવોની ઉર્ધ્વગામી યાત્રા થાય, તે તરફ લક્ષ રહે છે. સૌ તરફ 'પ્રેમ' તત્ત્વ ઊભરાય છે. 'વિશ્વાસ'–ના માધ્યમથી અને 'શ્રદ્ધા'ના બળથી વ્યકિત સૌમાં વિસ્તરી જાય છે.



માણસમાં ધર્મ પ્રગટે પછી કયાંય યુદ્ધ, હિંસા, ભય, દુઃખ, વિવાદ રહેતા નથી. સર્વમાન્ય, સર્વસામાન્ય જીવન–વ્યવહાર–સદ્વ્યવહાર જ બહાર આવે છે. માણસ પૃથ્વીના છેડા સુધી મુસાફરી કરે, ચંદ્ર–મંગળની યાત્રા કરે, પાતાળમાં ડૂબકી મારે પરંતુ પોતાના સુધી મુસાફરી કરતો નથી. આ મુસાફરી જ તેની શ્રેષ્ઠ યાત્રા છે.

સંસારમાં જન્મથી મૃત્યુ સુધી–જે ધર્મને જાણતો નથી, સ્વયંને જગાડતો નથી, પોતાને પરખતો નથી, સમગ્રતાને પીછાણતો નથી તેની આ યાત્રા નિષ્ફળ જાય છે.

જીવનની યાત્રા Foot–Printless Jonrney છે. જો કયાંય કશાય સદ્વૃત્તિના નિશાન પડ્યા હશે તો અનુગામી યાત્રિકને આ યાત્રા સરળ બનશે એમ સમજીને સંતો, યોગીઓ, ગુરુઓ, જ્ઞાનીઓ, મૌલવીઓ 'શ્રદ્ધા' અને 'વિશ્વાસ'ના પરબ બાંધતા રહે છે. આપણે તો આગળ વધવાનું છે. આગળ...

# જીવન પ્રવાસ પૂર્ણ ક્યારે થાય?

ભૂપતભાઈ દેસાઈ

પૂ. યોગેશ્વરજીના "ગીતા દર્શન"ના અધ્યાય ત્રણ, ચાર અને પાંચના સ્વાધ્યાય ઉપરથી કરેલી નોંધ નીચે પ્રમાણે છેઃ-

કોઈ પણ પ્રવાસ ઘરથી શરૂ થઈને, લક્ષ્ય સ્થાને પહોંચીને પાછા ઘરે આવીએ ત્યારે પૂરો થાય છે. જીવાત્માએ પોતાના ઘર પરમધામમાંથી પ્રવાસ શરૂ કર્યો છે, તે પાછો પરમધામમાં પહોંચે ત્યારે પૂરો થયો કહેવાય. આ રીતે જીવન પ્રવાસનો હેતુ નીચે મુજબ છેઃ-

૧. પરમાત્માના ધામમાં પહોંચી તેમનાં દર્શન કરવાં અને તેમની સાથે ઐક્ય સાધવું એટલે એકરૂપ થવું.

૨. ત્યાર પછી પ્રભુના જગતની સેવા નિષ્કામ-ભાવે કરવી એટલે કે, પ્રાણી માત્રનું હિત થાય તેવાં કાર્ય-કર્મો કરી પ્રભુને સમર્પણ કરવાં.

આ બે કામો કરવા માટે જીવન મળ્યું છે. તે પૂર્ણ થાય ત્યારે જીવન પ્રવાસ પૂરો થાય છે.

જીવન દેહ વિના ચાલે નહીં. તેથી શરીર–દેહ, એ જીવાત્માનું સાધન છે. તેથી તેને સાચવવાનું છે, તંદુરસ્ત રાખવાનું છે. તે માટે યોગ્ય આહાર, વિહાર, નિંદ્રા અને આરામનું ધ્યાન રાખવાનું છે. તેમ ગીતાનો આદેશ પણ છે. શરીરનો ભોગ વિલાસ માટે ઉપયોગ કરવાનો નથી તે ખાસ ધ્યાનમાં રહેવું જોઈએ. મન અને ઇંદ્રિયો જીવાત્માને તે તરફ ખેંચી જાય છે, તેથી બુદ્ધિને સ્થિર રાખી જીવાત્માએ



લક્ષ્ય ભુલવાનું નથી. જીવાત્માનો પ્રવાસ પ્રભુના ધામમાં પહોંચવાનો છે, પણ વાસનાઓ અને તૃષ્ણાઓથી કર્મો થયાં કરે છે તેથી જન્મ અને મરણના ચક્રમાં જીવાત્મા ફર્યા કરે છે અને મૂળ લક્ષ ભુલાઈ જાય છે, તેથી હજારો જન્મ વીતી ગયા છતાં પણ, પ્રવાસ પૂરો થતો નથી. તેથી સ્વકર્મ, સ્વ-ધર્મરૂપી કાર્ય–કર્મો કરતા રહીએ, તેને પ્રભુને સમર્પણ કરવાનું જ્ઞાન યુક્ત આચરણ થાય, તો લક્ષ્ય સિદ્ધ થાય અને જીવનો પ્રયાસ પૂર્ણ થાય.

અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને વિનંતી કરી કે, આપે બીજા અધ્યાયમાં સાંખ્ય યોગ, એટલે જ્ઞાનની વાતો કરી, અને યુદ્ધ કરી લાખોનો સંહાર કરવાનું કામ કરવા પણ કહો છો. તેથી હું મુંઝવણમાં પડ્યો છું. તો બેમાંથી એક, જે મારે માટે શ્રેષ્ઠ હોય તે મને કહો. તેના જવાબમાં ભગવાન્ કહે છે કે, કર્મ અને જ્ઞાન જુદાં નથી. કર્મ વિના જ્ઞાન થતું નથી. કર્મ ભોગ માટે કરાય તે બંધન છે પણ ભાવ અને ભક્તિ માટે કરાય તે જ્ઞાન છે, કેમ કે જગતમાં કોઈ પણ કર્મ વિના એક ક્ષણ પણ રહી શકતું નથી. શ્વાસ લેવો એ પણ કર્મ છે અને શ્વાસ રોકી સમાધિમાં બેસવું તે પણ કર્મ છે. તેથી કર્મ ભગવાને સોંપેલ છે. તે ભાવથી અને પ્રેમથી કરાય તો તે કર્મ જ્ઞાન-ભક્તિ યુક્ત કર્મ બને છે. જ્ઞાન અને કર્મ જુદાં છે તેમ અણસમજુ જેવા લોકો હોય, તેઓ કહે છે, પણ પંડિતો કહેતા નથી. તેથી તું તારો સ્વધર્મ, જે યુદ્ધ કરવાનો છે, તેનું પાલન કર. પણ તેમાં મમતા અથવા અહંતા રાખીશ નહીં. તેનું ફળ પણ પ્રભુ જે આપે તે અનાસક્તિ ભાવથી ભોગવી લે. તો તારા જીવન-પ્રવાસનું લક્ષ્ય તું પૂરૂ કરી શકીશ અને તું મને પામી શકીશ. તે માટે બધું છોડીને તું મારા શરણે આવ. અને તને ક્ષત્રિય

તરીકે સોંપેલું કામ પૂર્ણ કર, એટલે તારો જીવન પ્રવાસ સફળ થઇ પૂર્ણ થશે.

કર્મ ફળનો આશ્રય છોડીને તારે શાસ્ત્રોએ દર્શાવેલું કર્મ કરવાનું છે. જગતની ઉત્પત્તિ સાથે બ્રહ્માએ યજ્ઞ કરીને દેવો-ને સંતોષ આપવા, તેમનો (એટલે દેવોનો) ભાગ આપવા કહ્યું છે. યજ્ઞ એટલે સત્કર્મો, પ્રાણી માત્રના હિતનું કર્મ કરાય તે યજ્ઞ છે. તેવાં કર્મોથી કર્મયોગ થાય છે એટલે કે તેવાં કર્મો કરીને ભગવાન્ સાથે યોગ એટલે જોડાણ થાય છે તેને કર્મયોગ કહ્યો છે. તેથી ભગવાન્ સાથે એક થઇ એકતા સધાય છે. આવાં કર્મ અને જ્ઞાન બન્ને સરખાં ફળ આપે છે, પ્રભુ દર્શન અને પ્રભુ મિલન કરાવે છે અને જીવન પ્રવાસ પૂર્ણ કરી પરમધામમાં પહોંચાડે છે.

કેળવ મન અને પ્રાણના જ નહીં, આપણા સમગ્ર કોષાણુઓ સમેત શરીરના પણ ભાગવત રૂપાંતરને માટે અભીપ્સા કરવી જોઇએ...આપણે ભગવાનના કાર્યનું પૂર્ણ યંત્ર બનવા માટે સતત અભીપ્સા કરીએ.

અભીપ્સા જવાલા એટલી સીધી અને એટલી તીવ્ર હોવી જોઇએ કે કોઈ અવરોધ એને વિસર્જિત ન કરી શકે.

અભીપ્સારૂપી સૂર્ય અહંતાના વાદળોને વિખરી નાખો.

જ્યારે અભીપ્સા જાગ્રત થાય છે ત્યારે પ્રત્યેક દિવસ આપણને લક્ષ્યની વધુ નજીક લાવે છે.



# સેવા–ત્યાગ–પ્રેમ

સંકલનઃ–ઈશ્વરભાઇ એમ. શાહ

(પ. પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી)

બધી સાધના "સેવા–ત્યાગ–પ્રેમ" આ ત્રણ ઉપર ઉભી છે. આચરણ કરો તો ફળ આપોઆપ પ્રાપ્ત થશે.

પ્રેમ–(સેવા–ત્યાગ)–આત્મા–ઈશ્વર–તમે છો. આ એકજ અદ્વૈત તત્ત્વ સમગ્ર વિશ્વાસમાં જડ–ચેતનમાં છે.

સેવા કર્મ છે, શરીર છે, બળ છે, તપ છે, યોગ્યતા છે. પ્રેમ ક્રિયા કરે છે તે સેવા કહેવાય છે. પ્રેમ જાણવા, માનવા, કરવાનો આદર કરે છે. ત્યારે ત્યાગ કહેવાય છે. ત્યાગ તે જ્ઞાન છે. પ્રેમનું ક્રિયાત્મકરૂપ સેવા. પ્રેમનું વિવેત્માકરૂપ ત્યાગ જ્ઞાન છે.

તમે શાસ્ત્રો, સાધુ, સંન્યાસીના પ્રવચનો શ્રવણ કરવાથી ત્યાગ શબ્દને ઉંધો સમજ્યા છો. ત્યાગ એટલે છોડવું. ઘરબાર, પતિ, પત્નિ, મકાન, ધન, બાળકો, કપડાં, નામ વગેરે છોડવાં. આ ત્યાગ છે. તેમ તમે દૃઢ કરી બેઠા છો. આ ત્યાગ નથી.

જ્યારે તમે તમારા જ્ઞાનનો, જાણવાનો આદર કરો કે મારા સિવાય મારા જેવું ચેતન અહિં કોઇ નથી. બાકી બધા અચેતન જડ છે. આ માન્યતા દૃઢ થઇ કે ઘર વગેરે છૂટી જાય છે. છોડવું નથી પડતું. જે છોડે છે તે માન્યતામાં છે, તેણે છોડયું નથી.

"છૂટી જવું"–"છોડી દીધુ" આ બે શબ્દ જરા સમજી લઇએ. "છૂટી જવું" તે સહેજ પ્રક્રિયા છે. કોઇ એક માન્યતા

દૃઢ થઇ કે બધા મારા છે. પછી કોઇ વસ્તુ-વ્યક્તિ-પરિસ્થિતિ અવસ્થાની જરૂર નથી. પછી આપોઆપ છૂટી જશે. મારા સિવાય અહિં કોઇ છેજ નહિ, તો પણ છૂટી જશે. જ્યારે બે જણ હોય તો એક બીજાને સંગ્રહ કરવાનું જાગે.

હવે કોઇકે "મેં છોડયું" (છોડી દીધું) તો જે "મેં" છે તે જ્યાંસુધી જીવશે ત્યાંસુધી યાદ રાખે છે કે "મેં" આટલું છોડેલ છે. "મેં"નું મૃત્યુ તે છે ઈશ્વરપ્રાપ્તિ. એટલે ઈશ્વર પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી આવા યાદ રાખે છે કે "મેં" છોડયું નથી. મનમાંજ છે.

તમારે જો ત્યાગ કરવોજ હોય તો તમે તમારા જ્ઞાનથી જાણેલ છે કે "હું શરીર નથી"-"શરીર મારૂં નથી" આ જાણેલાનો આદર કરો. અને "હું શરીર છું-શરીર મારૂં છે" આ માન્યતાનો ત્યાગ કરો. આથી કોઇ મહાન ત્યાગ નથી.

હવે તમારૂંજ જ્ઞાન જણાવે છે કે વસ્તુ-વ્યક્તિ-અવસ્થા-પરિસ્થિતિ હું નથી. સ્વરૂપપ્રાપ્તિમાં આ બધાની જરૂર નથી. ઉલટા આ બધા બાધક છે. તો તમારા જ્ઞાનનો આદર કરી, આ બધાથી અસંગ બનો, આ ત્યાગ છે.

(૧) બધા મારા છે આ સમજણ દૃઢ થતાં હવે જો બધા-જ મારા છે તો મારે કોઇ વસ્તુની-વ્યક્તિની જરૂર નથી. આ છે સહજ ત્યાગ.

(૨) હવે મારા સિવાય બીજુ કોઇ અહીં નથી. આ સમજણ સહજ ત્યાગ કરાવે છે.

(૩) ઈશ્વર સિવાય અહિં કોઇ નથી. હું-જગત-બધુંજ ઈશ્વર. આ સમજણ પછી પણ સહજ ત્યાગ થાય છે.

પ્રેમમાં સહજ ત્યાગ છે. સંસારમાં પણ તમે જુઓ છો



કે તમારે જેની સાથે પ્રેમ થાય છે, તેને દેવાનું (ત્યાગ) જ હોય છે. લેવાનું યાદજ નથી આવતું.

સેવામાં પણ ત્યાગ છે. સેવા કરે તે સેવક. સેવાનું ફળ છે ઈશ્વર.

સેવકની વ્યાખ્યા શું ? (૧) જે શરીર-બળ-વસ્તુ-યોગ્યતા પ્રારબ્ધકર્મ પ્રમાણે તેને મળી છે તે તેના પોતાના નથી માનતો. (૨) જે મળેલ બળ-વસ્તુ-યોગ્યતાનો ઉપયોગ પોતા માટે કદી નથી કરતો પણ જગતના હિતમાંજ કરે છે. સેવકને ૧૦૧ ટકા ખાત્રી છે કે મારા માટે મારે કાંઇ કરવાનું નથી. શરીરને રોટી-મકાન-વસ્ત્રની જરૂર છે. તો શરીર તો કર્મો લઇને આવ્યું છે તે મેળવશે.

કર્મને સંબંધ શરીર સાથે છે. દુનિયાના બધાજ દુઃખો-નો જન્મ શરીરનાં કારણે છે. એટલેજ શરીરનો જન્મ ન થાય, તેને મુક્તિ માનેલ છે. પરંતુ એક સેવા કર્મજ એવું છે કે માનવને ઇશ્વર સુધી પહોંચાડે છે.

સેવા જે કરશે તેણે પ્રથમ માનવાનું છે કે શરીર-વસ્તુ-યોગ્યતા મારી નથી. પ્રકૃતિ તથા પદાર્થો સાથેનો સંબંધ તૂટયો. પ્રવેશ થયો કર્મયોગમાં-જ્ઞાનયોગમાં સીધો.

સેવા કરાવવાથી સુખભોગનો નાશ થાય છે. સેવક કદી દેખેલના પ્રભાવમાં આવતો નથી. પણ જાણવાનો આદર કરી, જીવન વિકાસ કરે છે.

જે માનવ દેખેલના પ્રભાવમાં ન આવે તે શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ જે દુનિયાનું સુખ છે તેના પ્રભાવમાં પડતો નથી.

સેવાનો મહિમા જોયો. કરવાનું બધુંજ રાગ છે. પણ કરવુંજ હોય તો સેવા કરો. સેવા સિવાયનું કરવાનું રાગમાં

બાંધશે, દેખેલના પ્રભાવમાં પાડશે. પણ સેવા એકજ દેખેલના પ્રભાવથી મુક્ત કરશે.

રોટી માટે કાંઇ ન કરો, ભાઈ, સેવા કરો, વસ્ત્ર માટે, બંગલા બાંધવા, ધન માટે, પ્રતિષ્ઠા માટે કર્મ ન કરો, ભાઇ, સેવા કરો, કરવા જેવી સેવાજ છે.

આ સાંભળી બુદ્ધિ હસવા મંડી. અને તરત કહ્યું, "બાપુ, રોટી વિના ખાઇએ શું ? વસ્ત્ર ન હોય તો લાજ કેમ રહે ? મકાન ન હોય, તો શરીર ઠંડી–ગરમીથી કેમ બચશે ? ધનની તો ડગલે ને પગલે જરૂર છે. પદ–પ્રતિષ્ઠા વિના જીવનમાં મજા શું ?

બુદ્ધિ કહે. જરૂર કહે. કારણ કે બુદ્ધિને તેના માલીક-આત્મા(તમારી)ના મહિમાની ખબર નથી. તે તમને જાણતીજ નથી. એટલે બુદ્ધિ બોલે. બુદ્ધિનો વાંક નથી. હવે બુદ્ધિ જ્યારે વાત કરે છે ત્યારે તમને ઉદ્દેશીને કોઇ વાત કદી કરતી નથી. કારણ કે બુદ્ધિને તમારી ખબર નથી. તમારો મહિમા જાણતી નથી. જે વાત કરી તે શરીરને ઉદ્દેશીને કરી છે.

હવે શરીરને ઉદ્દેશીને કરી તો તે તપાસી લઇએ કે બુદ્ધિ સાચી છે કે ખોટી. સાચી હોય તો બુદ્ધિનું માનીયે. અને ખોટી હોય તો તેને બકવાદ કરવાની ટેવ પડી છે, તેમ માની બુદ્ધિની ઉપેક્ષા કરીશું.

બુદ્ધિએ શરીરને કેન્દ્રમાં રાખી કહ્યું કે રોટી-કપડાં-મકાન-પદ-પ્રતિષ્ઠા-ધનની મારે જરૂર છે. આ વાત સાબીત કરવાની છે કે આ માટે તમારે કાંઇ કરવાનું છે કે શરીરને કરવાનું છે ?

તમે જે આત્મા છો તેને તો બુદ્ધિએ કહ્યું જ નથી.



જેથી તમારો (આત્માનો) પ્રશ્નજ નથી. હવે શરીરનો જોઇએ. શરીરને રોટી વિગેરેની જરૂર છે તેમ બુદ્ધિએ કહ્યું. તે તપાસીએ કે સાચું છે ? રોટી મળવી કે ન મળવી તે શરીરના હાથમાં છે ? ના. કારણ કે જો શરીરના હાથમાં હોત તો કોઈ શરીર રોટી વિના રહેત નહિં. પણ તેવું જોવામાં આવતું નથી. ઘણા શરીરો, ઘણા દિવસો સુધી રોટી પ્રાપ્ત કરી શકતાં નથી. તે તમારા બધાનો અનુભવ છે. આથી એક વાત સાબીત થઇ કે "શરીર રોટી ન મેળવી શકે." આ વાત તમારા જ્ઞાને કબુલ કરી છે.

હવે બીજી વાત સાબીત કરીએ કે શરીરને ટકવામાં રોટીની જરૂર છે ? (૧) રોટીના ઢગ પડ્યા હોય, જે ૨૦ રોટલી ખાતો હોય છે છતાં શરીર છૂટી જાય છે. (૨) હવે રોટી જેના ઘરમાં ન હોય તે પણ શરીર છોડી દે છે. આ કારણે શરીરને પડવામાં રોટી કારણ નથી. હવે પ્રશ્ન ઉભો થયો કે રોટી-કપડાં-મકાન-પદ-પ્રતિષ્ઠા શરીરને કોણ મેળવી આપે છે ? શરીરનું પ્રગટ થવાનું કારણજ તમારી (એટલે આત્મા ન સમજતા) વાસના જે તમારા પૂર્વ જન્મોના સંસ્કારો છે. જેને સંબંધ મન-પ્રાણ-ચિત્ત સાથે છે.

યાદ રાખો : મન-પ્રાણ-ચિત્ત તમે નથી. તમારાજ સંસ્કારોને ફળ લેવું છે એટલે શરીર કર્મોએ પ્રગટ કર્યું છે.

પ્રથમ તમે અને તમારામાં શરીર ચેષ્ટા કરતું હતું. આ તમારામાંથી એક અહમ્‌રૂપી અણુંએજ જગતને જોયું. આ અહમરૂપી અણુનું સ્વરૂપ છે પ્રીતિ. આ પ્રીતિએજ જગત જોયું. અને કામના કરી કે રમકડું મળે, દૂધ મળે. પછી આ કામનાઓ ફરતી ગઇ મોટી થઇ–જુદી જુદી થઇ–કામના તેજ સંસાર છે.

શાસ્ત્રોએ તેનું નામ જીવ આપ્યું. જીવ એટલે ચેતન. એટલે પ્રેમમય. જીવ કહેશો તો તમે સમજી જશો; કારણ કે ગોખેલ છે શાસ્ત્રમાં. અહમ્ આકરૂં લાગશે.

મારા પ્રશ્નો છે કે (૧) જીવ અને આત્મા બે ચેતન શક્ય છે? (૨) જીવ કહેશો તો ચેતનને સાધનાની જરૂર છે? (૩) જીવ કહેશો તો ચેતન-તત્ત્વનો કદી નાશ નથી. જ્યારે અહમ્‌નો સુષુપ્તિમાં લય છે.

પાછું શાસ્ત્રોએ કહ્યું છે કે જીવ અંશ છે. અવિનાશી છે. બાકી જીવને આત્માનો અણુ, એક પ્રીતિ માનો. મને વાંધો નામ સાથે નથી. તો હવે અહમ્‌નું પાછું જોવું પડશે. અહમ્ પણ એક તત્ત્વ છે. એને શું કહીશું?

મને મારી સાધનામાં, મારા જ્ઞાનમાં દેખાયું કે આત્મા માની મેં કદી કોઇ સાધન ઈચ્છેલ નથી. શરીરમાની સાધના શું તે ખબર ન હતી. એટલે મેં અહમ્‌તત્ત્વને એક અણુ જે પ્રીતિ તેનો સ્વભાવ માની કલ્પેલ છે. બાકી મને પણ ખબર નથી કે શું બધું છે.

પછી અહમ્‌તત્ત્વ જે પ્રીતિ તેનું સ્વરૂપ છે. તે અહમ્ જ્યારે શરીર "મેં" કહે છે ત્યારે શરીરને મારૂં માની, સંસારને "મેં-મેં" મારૂં મારૂં કરે છે. હવે પાછાં સંસાર-થી થાકે છે તો ઇશ્વરને "મેં-મેં" કરવા મંડે છે. એટલે મેં અહમ્‌ને કામના-જિજ્ઞાસાનો પુંજ કહેલ છે.

સ્વરૂપ પ્રીતિ છે એટલે જ્યારે જિજ્ઞાસાની પૂર્ણતા થાય છે. (જિજ્ઞાસા એક પ્રીતિ છે. આ જિજ્ઞાસાની પૂર્તિ પૂર્ણ રીતે થાય છે.) ત્યારે આત્મા જે પ્રેમનો સાગર છે તેમાં પ્રીતિ ઓગળી જાય છે. આનું નામ છે બોધ.



જ્યારે તમારા વ્યક્તિત્વમાં કોઈ કામના નથી રહેતી ત્યારે જિજ્ઞાસા જાગી. તે જિજ્ઞાસાની પૂર્ણતા તેનું નામ છે બોધ. જ્યાંસુધી "ઇશ્વર મેળવવો છે" તે જિજ્ઞાસા છે ત્યાં-સુધી અહમ્ છે.

આ બધી વાતો-શબ્દો સમજાવાય નહિ. જ્યારે તમે આચરો તોજ સમજાય. છેલ્લે ઇશ્વરનો પ્રેમજ અહમ્‌ને ઓગાળી નાખે છે. તમારે માત્ર સાચા રસ્તે જવાનું છે. સાચા રસ્તે ચડયા તેનું નામજ ધારેલ ગામની પ્રાપ્તિ છે.

પ્રેમ (ભક્તિયોગ)

સેવા (કર્મયોગ)    ત્યાગ (જ્ઞાનયોગ)

ભક્તિયોગમાં સાધકને કંઇ કરવાનું નથી. બધુ ભગવાનને કરવાનું છે. તમારે માત્ર છૂટી પડવાનું છે કે "હું નથી." "તું છે." ભગવાનને કહ્યુ "તું છે." અને જો તમે શરીર રોગમાં પડયા અને શરીરની ચિંતા કરી તો ભગવાન નારાજ. એલ્યા હજી કાલે તો બોલતો હતો કે "હું નથી"-"તું-તું-તું જ છે." અને આજ વળી કેન્સરની ચિંતા કરવા બેઠો. મને ચિંતા કરવા દે. ભગવાન કહે છે. કેન્સરની ચિંતા મારે કરવી જરૂરી છે. તું ચિંતા કરીશ તો "તું છુ" "હું નથી" તેમ થશે. જ્યારે તું તો બોલેલ કે "હું નથી" "તું છું." તો હું ને કાઢ. આ પ્રમાણે ભક્તિમાં ભક્તને માત્ર છૂટી પડવાનું છે કે "હું નથી" માત્ર "તું છે." લાગે છે સહેલું પણ ખૂબ કઠીન છે.

બળ નથી છૂટતું. જ્ઞાન નથી છૂટતું. વસ્તુ-વ્યક્તિ-પરિ-સ્થિતિમાંથી પ્રેમ નથી છૂટતો.

ભકત બનવું હોય તેને નીચે પ્રમાણે માન્યતા દઢ કરવી પડે. (૧) મેરા કુછ નહિં હૈ (૨) મેરે લિયે કુછ નહિં ચાહિયે (૩) મૈં કુછ નહિં હું. આમાં જરાપણ છૂટછાટ ન ચાલે. ભકત થવાની છૂટ છે. આ ત્રણ નિયમો પાળજો. પાળી શકાય તેમ છે. ન પાળવા હોય તો તે પ્રમાદ છે. પ્રમાદ એટલે આળસ એકલી નથી. પ્રમાદના ચૌદ અર્થ છે. તેમાં જે સત્ય જણાય તેને અસત્ય માનવું તે પણ પ્રમાદ છે.

પ્રેમ તો પ્રેમજ છે

| સેવામાં | ત્યાગમાં | |
|---|---|---|
| બળ | બળ | આ જાણની મારે જરૂર નથી |
| વસ્તુ | વસ્તુ | તે માન્યતાનો ત્યાગ આ છે |
| યોગ્યતા | યોગ્યતા | જ્ઞાન. |

| | |
|---|---|
| ક્રિયાત્મારૂપ | વિવેકાત્મરૂપ |
| પ્રેમનું જેમાં | પ્રેમ જેમાં ત્યાગ છે. |
| ક્રિયા મુખ્ય છે. | જે જ્ઞાન છે. |

બળ જાણે રૂા. ૧૦૦, ની નોટ લઈ બજારમાંથી ન લાવ્યા હોય. તેમ બળને તમારા બાપનું માની બેઠા છો. આ માન્યતાએજ તમારૂં નિકંદન કાઢયું છે.

બળ તમારૂં નથી. તે વિશ્રામ ભગવાન તરફથી મળેલ છે. જેના તરફથી મળેલ છે તેને પાછું આપી દો. તો વિશ્રામ ભગવાન-જગત છે. તો જગતને પાછું આપી દો.

તમને કોઈએ રૂા. ૧૦૦ ની નોટ આપી અને કહ્યું : કેરી લઈ આવો. આ નોટ કેરી લાવવા મળેલ છે. હવે માર્કેટમાં ગયા. કેરી સારી ન જોઈ. તો નોટ જેની હોય તેને પાછી અપાય. જુગાર રમાય કે ફિલ્મ જોવાય ખરી ?



તમે આવા છો. આ તમારીજ વાત છે. એક વાર્તા કરૂં.

એક જીવાભાઇ રસુલાબાદમાં રહેતા હતા. પોતે, તેની પત્નિ, એક છોકરો, એક છોકરી આનંદથી રહે. તેમાં તેને થયું કે ભાગવત કરાવું. પણ ઘર નાનું. અને તે પણ ભાડાનું. ભાગવત થાય તેવી મોટી જગ્યા ન હતી. ગામના જે જે મળે તેને કહે કે ભાગવતની કથા કહેવડાવવી છે. પણ શું કરૂં-જગ્યા નથી. આ વાત ગામના જૈન પંચ પાસે આવી. જૈન પંચોને થયું કે જીવાભાઈને ભાગવત કરાવવી છે પણ બિચારા પાસે જગ્યા નથી. આપણી વાડી છે. આપીએ. પંચ ભેગું થયું. ઠરાવ કર્યો કે જીવાભાઇને ભાગવત માટે પંચની વાડી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. (સહીઓ) પંચની. પંચના બે માણસો ઠરાવ લઈ જીવાભાઈને ઘેર ગયા. જીવાભાઈ કહે, આવો-બેસો. પંચો કહે, તમે ભાગવત કરાવવી છે, ભાગવત કરાવવી છે એમ કહેતા હતાં. જગ્યા નથી તેમ કહેતા હતા. તો અમારા પંચે ઠરાવ કર્યો છે કે અમારા પંચની વાડી ભાગવત કરાવવા મફત તમને આપવી. લ્યો ઠરાવ. જીવાભાઈને ઠરાવ મળ્યો. પોતાનું ઘર તો સાંકડું હતું એટલે બધો સામાન લઈ ઉપડ્યા વાડીમાં. ધામો નાંખ્યો ત્યાં, વાડીનાં વાસણો વાપરે, ગાદલાં ગોદડાં વાપરે, નળ, ઇલેકટ્રીક બધું વાપરે. જીવાભાઈને તો લીલાલહેર થઈ ગઇ. ભાગવતનું ભુલી ગયા. એક માસ થયો. પંચોને એમ કે સગવડ કરતા હશે. બે માસ થયા. પંચોને થયું. એલ્યા જીવાભાઈ ભાગવત તો કરાવતા નથી છે શું ? વાડી વાપરે, વાડીનો બધો સરસામાન વાપરે છે. પૂછીયે તો ખરા. ઉપડ્યા જીવાભાઇને ત્યાં. જીવાભાઈ, ભાગવત કરાવવાનું માંડી વાળ્યું કે શું ? ઠીક સગવડ ન હોય તો કાંઈ નહિ તો વાડી ખાલી કરો. વાડી ખાલી કરે નહિ. પંચો થાકયા. જીવાભાઇને ધમકી આપી. તો કહે વાડી મારી છે.

પંચો કહે ચાલો, જીવાભાઇનું મન બગડ્યું છે. ત્યાં તો પંચના સભ્ય સાંકળચંદ કહે. જુવો છો શું દાવો કરી દો. દાવો કર્યો. જજે જીવાભાઇ ઉપર સમન્સ કાઢ્યો. જીવાભાઈ કોર્ટમાં હાજર થયા. પંચે પણ વાડીનો દસ્તાવેજ લઇ હાજર થયા. જજે બુમ પડાવી કે કેસ નં.૧૪૪ના વાદી-પ્રતિવાદીને હાજર કરો. જજે જીવાભાઇને પૂછ્યું. તમારૂં નામ જીવાભાઇ ? હા. તમે વાડીમાં રહો છો ? હા. આ વાડી તમારી છે ? હા. દસ્તાવેજી પુરાવા રજુ કરો. જીવાભાઇ કહે. નથી. તો જજે કહે-વાડી કેમ ખાલી કરતા નથી ? જીવાભાઈ કહે. લાંબો કબ્જો છે. જજે વાડીના પંચોને બોલાવ્યા. પૂછ્યું ? વાડી તમારી છે ? હા. દસ્તાવેજી પુરાવા રજુ કરો. પંચોએ દસ્તાવેજની નકલ રજુ કરી. પછી જજે જીવાભાઇને કહ્યું- પંચો આ પુરાવા રજુ કરે છે. તમારે શું કહેવું છે ? સાહેબ- કાંઇ નહિં. મારો માત્ર કબ્જો છે. જજ કહે-કબ્જો તો ઘૂસી- જાય તો પણ હોય. બોલો જીવાભાઈ. જીવાભાઈ મૌન રહ્યા. જજે ઠરાવ લખ્યો કે રસુલાબાદમાં દિલ્હી દરવાજે આવેલ જૈન પંચોની વાડી જીવાભાઇએ ભાગવત કરાવવાનું ખોટું બહાનું કાઢી પચાવી પાડી છે. જીવાભાઇએ કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કર્યાં નથી. માત્ર ભાગવતનું બહાનું બતાવી વાડીમાં ઘુસણગીરી કરી છે. જેથી જીવાભાઇએ સાંજસુધીમાં ખાલી કરવી. સહી (જજ).

જીવાભાઇને હુકમ મળ્યો છતાં વાડી ખાલી ન કરી અટલે પંચોએ જજને વાત કરી. જજ PSI ને હુકમ મોકલી સાંજસુધીમાં ખાલી કરાવવા ઓર્ડર કર્યો. પોલીસો ગયા. જીવાભાઇને પકડી બહાર કાઢવા સામાન બહાર ફેંકી દીધો.

બોલો જીવાભાઇનું આ કાર્ય બરાબર હતું ? ના.



તમે બધા જીવભાઇ છો. તમને પંચો જે પાંચભૂતો (આકાશ-વાયુ-અગ્નિ-જલ-પૃથ્વી) એ શરીરરૂપીવાડી આપી. તમે જન્મતાં પહેલાં પંચોના માલીક ઈશ્વરને કહેલ કે મારે ભજન કરવું છે. શરીર આપો. ઈશ્વરે શરીરરૂપી વાડી આપી. વાડી મળી તો મંડ્યા ભોગ કરવા. ભજન કર્યું નહિ. નોટીસ મોકલી-વાળ ધોળા તે નોટીસ-દાંત પડ્યા તે નોટીસ-આંખે મોતીયો તે નોટીસ-આ બધો વાડીનો માલ ગાદલાં-નળ-ઇલેકટ્રીક છે. મફત વાપરો છો. નોટીસોથી માનો તેવા નથી. પછી યમરાજને મોકલી બધુ ફગાવ્યું. રાડો પાડતા રહ્યા. વાડી ખાલી.

પ્રત્યેક શુભ કાર્યનો આરંભ કઠિન પ્રતીત થાય છે, પણ અભ્યાસથી તે સુલભ થઇ જાય છે.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૨
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
ઢેબર રોડ, રાજકોટ-૨

# નિર્ણયાત્મિકા વિવેકબુદ્ધિ

ભાઈલાલભાઈ છાટબાર

લોકોને 'પોતાપણું' પામવામાં–'સ્વ'માં સ્થિર–સ્વસ્થ થવામાં ભય લાગે છે. તેમને ભય હોય છે કે આમ કરવા જતાં તેઓ સામાન્ય જનસમૂહથી એકલા–અટૂલા પડી જશે.

પ્રત્યેક વ્યક્તિ નામ–રૂપે એક અલગ અને શ્રેષ્ઠ એકમ છે. પરંતુ એકલા પડી જવાના ભયથી તે જનસમૂહમાં બીજાઓને-અનુસરે છે. તે ભીડમાં ભળી જાય છે કે જેથી તેની સહી-સલામતી જળવાઈ રહે. ભીડમાં તેને એકલતા નથી લાગતી કેમકે તેનું જીવનયાપન ભીડ મધ્યે અન્ય વ્યક્તિઓની જેમ ચાલતું રહે છે. ધ્યાનમાં માણસ એકલો હોય છે. નિજી ધર્મમાં પણ તે એકલો હોય છે.

એકલતાના ભયે વ્યક્તિ 'સ્વ'ને સમગ્રપણે પ્રાપ્ત કરવાના પુરુષાર્થથી દૂર રહે છે. પોતે પોતાનું 'પોતાપણું' પ્રાપ્ત કરવાના સ્વતંત્ર પ્રયાસથી ડરે છે અને તે 'સ્વ'થી દૂર ભાગતો ફરે છે. પરિણામે પ્રભુકૃપાપ્રાપ્ત જીવનરૂપી અણમોલ ખજાનાની બક્ષિસના દિવ્ય વરદાનો તે ગુમાવી બેસે છે.

ચીલાચાલુ જીવન વ્યવહારને વધાવી લેતી આવી વ્યક્તિ આપમેળે પોતાને માટે કોઈ નિર્ણય લઈ શકતી નથી તે બીજાઓને પોતાના માટે નિર્ણય લેવા દે છે. કેમકે પછી તેને પોતાને જવાબદારી વહન કરવાની કડાકૂટ રહે નહિ.

આમ એકલતાના ભયે 'પોતાપણાં'ના બોધના પ્રયાસ-માંથી દૂર ભાગતા લોકો 'સ્વ'ને કદી પિછાની મૂલવી શકતા નથી. તેઓ જીવનમાં 'સ્વ–બોધ'-પરમ દર્શનની ખોજના પુરુષાર્થથી અળગા રહે છે.



લોકો પેઢી દર પેઢી એક નક્કી પારિવારિક-સામાજિક-રાજકીય ચીલે ચાલતા રહે છે. પુરોગામી પેઢી અનુગામી પેઢીને માટે જીવનની રહેણીકરણી અને વહેવારનું સર્વકાંઈ નક્કી કરે છે. માબાપ, વંશાનુગત પ્રણાલિ, સમાજ, રાજ્ય અને ધર્મગુરુઓ વ્યક્તિ માટે જીવનનો નકશો મોટે ભાગે આલેખે છે–વ્યક્તિ ખુદ નહિ.

આમ એક ચોક્કસ હકીકત જોવા મળે છે કે વ્યક્તિના જીવનનો નકશો બીજાઓ આલેખે છે અને વ્યક્તિ પોતાને માટેનો નિર્ણય લેવાની જવાબદારીમાંથી છટકે છે કે તે રીતે મુક્તિ અનુભવે છે. પરિણામે તે બીજાઓનું પ્રણાલિકાગત અનુસરણ કરે છે અને પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વ કે વ્યક્તિગત પ્રતિભાને પિછાનવા–ઉપસાવવાના પ્રયાસથી દૂર રહે છે, આમ થવાથી વ્યક્તિગત પ્રતિભાની પ્રતિષ્ઠા થઈ શકતી નથી.

નિર્ણાયકતાથી દૂર ભાગવા માટે મોકળા માર્ગ બે છે : (૧) પોતાને માટે બીજાઓને નિર્ણય લેવા દેવો (૨) પોતે કોઈ નિર્ણય ના લેવો–મન ફાવે તેમ નિરુદ્દેશ જીવવું.

બંને માર્ગ એક સરખા હાનિકારક છે કેમકે તે બંને પાછળ પ્રેરક બળ–પાયાનું સત્ય એ છે કે જવાબદારી–વહન-માંથી છટકબારી શોધવી.

નવી આધુનિક પેઢીએ બીજો માર્ગ અપનાવ્યો છે-નિરુદ્દેશ ભટકતા રહેવાનો. જૂની પેઢીએ પહેલો માર્ગ પસંદ કર્યો છે–પોતાને માટે બીજાઓને નિર્ણય લેવા દેવાનો એટલે કે પેઢી દર પેઢી ચાલતો આવતો ચીલાચાલુ જીવનક્રમ અપનાવવો.

બંને માર્ગે આત્મખોજ અશક્ય છે. ખોજમાં ઝુકાવવાનો અર્થ છે : સ્વતંત્ર નિર્ણાયક બુદ્ધિ અનુસાર સાહસ ઉઠાવીને

ચાલવું. ખોજ જોખમી છે. તે માટે નિર્ણયાત્મિકા વિવેક-બુદ્ધિ જોઈએ.

મનુષ્યે સ્વતંત્ર આત્મવિકાસ માટે કદી કશાથી ભયભીત ના થવું જોઈએ. ભયને ખંખેરીને સાહસપૂર્વકના સ્વવિકાસ દ્વારા આત્મખોજ માટે ઝુકાવવું જોઈએ.

પરિપકવ બુદ્ધિવાળી પુખ્ત વ્યક્તિ માટે બીજાઓ કોઇ-પણ હિસાબે નિર્ણયો લઇ શકે નહિ અને તેનો જીવન-નકશો આલેખી શકે નહિ. અન્ય કોઈપણ તેના માટે કાંઇ-કશું નિર્ણયાત્મક પગલું લઇ શકે નહિ. બીજાઓ સહાયરૂપ બની શકે–માર્ગ સૂઝાડી શકે પરંતુ નિર્ણય તો ખુદ વ્યક્તિએ પોતાને લેવાનો રહે.

વ્યક્તિની નિર્ણાયક બુદ્ધિશક્તિ જેટલી ચઢિયાતી તેટલા પ્રમાણમાં તેની વ્યક્તિ-પ્રતિભાનો સવિશેષ વિકાસ થાય છે અને 'પોતાપણું" પ્રાપ્ત કરવા તરફ પ્રયાણ થાય છે.

નિર્ણયની જવાબદારી વહન કરવાનું સાહસપૂર્ણ છે અને લીધેલા નિર્ણયો પડકાર બને છે. પરંતુ જીવનમાં જોખમો તો સામે આવે છે જ અને નિષ્ફ્તા–નિરાશામાં માર્ગ અટવાય પરંતુ તે છતાં જોખમ તો ખેડવું જ જોઇએ.

સંભવ છે કે વ્યક્તિ ભૂલો કરી બેસે. પરંતુ ભૂલો તથા નિષ્ફળતાઓ બોધરૂપ બને છે અને તે બંને પાછળ સફળતા અવશ્ય ઊભેલી હોય છે. જીવન એટલે સબળ પુરુષાર્થ અને ભૂલો સમજી–સુધારીને તેના ઉપર કરેલું ચણતર.

વ્યક્તિએ દૃઢતાપૂર્વક નિર્ણયો લઇને ઝંપલાવવાનું રહે છે. નિર્ણયો હાનિકારક નીવડે અને પ્રાણઘાતક પણ બને. અવરોધો, અંતરાયો અને અડચણોને કારણે વ્યક્તિ કયાંની-



કયાં ખોવાઇ જાય, પરંતુ નિર્ણય લીધા સિવાય બીજો માર્ગ નથી.

કોઇક હાનિકારક અંતરાયો આવે તો તેમાં કાંઇ ખોટું નથી. તેમાંથી જ કાંઇક બોધ પ્રાપ્ત થાય, જીવનદર્શન સાંપડે તથા આંતર્સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય. એકવાર વ્યક્તિ ખોવાઈ ભલે જાય પણ થોડો સમય ગુમનામ બનીને તે પોતાને માર્ગે પાછી વળે છે. ખોવાઇ જવાની સ્થિતિમાંથી પણ ઘણી ઘણી બાબતો શીખવાની મળી રહે છે.

માણસ ભૂલ કરવા માટેની હિંમત દેખાડી શકે તો હજારો બોધપાઠ તેને મળે છે. માત્ર કરેલી ભૂલ બીજીવાર ના કરી બેસાય એટલા સજાગ-જાગ્રત તેણે રહેવું જોઇએ.

વ્યક્તિ પોતાને માટેનો નિર્ણય પોતે જ વિવેકબુદ્ધિપૂર્વક લે તો જીવન અતિ સમૃદ્ધ બને. પરંતુ સમાજ તેના નિર્ણયો વ્યક્તિ પર લાદે છે. સમાજ ભય સેવે છે કે પોતે વ્યક્તિ પર નિર્ણય લાદી ઢાંચામાં નહિ ઢાળે તો વ્યક્તિ ખુદ નિર્ણય લઇ શકશે નહિ અને ભૂલાવામાં પડી જશે.

પરંતુ હકીકતમાં સમાજને કારણે વ્યક્તિ નિર્ણયો લેવાની શક્તિ ગુમાવી બેસે છે; અને વ્યક્તિ એકવાર નિર્ણાયકતા ગુમાવી બેસે એટલે તે પોતાનો 'સ્વ' પણ ગુમાવી બેસે છે.

અનિર્ણાયકતાના કારાગારમાં 'સ્વ' કેદી ના બને તે જોવાનું રહે છે.

# સંસ્કૃતિ અને સંસ્કાર

કુ. શ્રદ્ધા મ. દેસાઈ (બી. એ.)

સંસ્કૃતિ અને સંસ્કાર આ બે શબ્દોથી આપણે સુપરિચિત છીએ. સુપરિચિત એટલા માટે કે આપણા સાહિત્યમાં અને વિદ્વાનોના (હવે તો રાજકારણીય નેતાઓના પણ) વાર્તાલાપોમાં આ બે શબ્દોનો વારંવાર ઉપયોગ એટલી હદે કરે છે કે આપણને કદી એવો ભ્રમ પણ થાય છે કે શું આ બે શબ્દો એકબીજાના પર્યાયવાચક શબ્દ છે? શું સંસ્કૃતિ એટલે સંસ્કાર અને સંસ્કાર એટલે જ સંસ્કૃતિ?

આને વિષે થોડાક વિચાર કરવાની જરૂર રહે છે. ખરેખર આ બંને સમાન જેવા ભાસતા શબ્દોના અર્થ વચ્ચે થોડો સૂક્ષ્મ ભેદ રહેલો છે. સંસ્કૃતિ માટે અંગ્રેજીમાં Civilization શબ્દ છે અને સંસ્કાર અથવા સભ્યતા માટે Culture શબ્દ છે. સંસ્કૃતિનો ભૂતકાળ સાથે અધિક સંબંધ છે અને સંસ્કારનો અમુક અંશમાં સાંપ્રત સાથે વિશેષ સંબંધ છે. સંસ્કૃતિ પરિવર્તનશીલ છે, જ્યારે સંસ્કારનાં મૂળ બીજકો અવિકૃત છતાં તેના આવિષ્કારો પરિવર્તનશીલ રહે છે.

સંસ્કૃતિમાં માનવજાતિએ કરેલા સંઘર્ષ, સાહસ પુરુષાર્થનો અને તેણે પ્રાપ્ત કરેલા વિજયો–અને પરાજયોનો પણ-સમાવેશ થાય છે. જે તે દેશ–પ્રદેશની પ્રજાએ અનુભવેલી ચડતી–પડતી, કરેલાં પરાક્રમો અને નવાં પ્રસ્થાનોના આલેખને આપણે તે દેશની સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ અને તેને તે દેશ કે પ્રજાને લગતું નામ આપીએ છીએ. દા.ત. આપણા ભારત દેશમાં વેદકાળથી આરંભીને અત્યાર સુધી ચોક્કસ આકાર અને સ્વીકાર પામેલી સંસ્કૃતિ 'ભારતીય



સંસ્કૃતિ' નામે સુપ્રસિદ્ધ છે. 'આર્ય' જાતિની પ્રજાના સંદર્ભને લીધે તેને 'આર્ય સંસ્કૃતિ' પણ કહે છે.

તેમાં પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય પ્રજાની જીવન પ્રણાલીનું દર્શન અને નિદર્શન છે. પ્રકૃતિનાં પરિબળોનો સામનો કરીને પ્રકૃતિ સાથે સહકાર સાધીને પ્રાચીન કાળના લોકોએ જીવનના ઘટતર વિષેનું જ્ઞાન કેવી રીતે મેળવ્યું, તેઓને કેવા કેવા સુખદ અને દુઃખદ અનુભવોમાંથી પસાર થવું પડ્યું, તેમ કરતાં કરતાં તેમણે નવીન કેડીઓ શોધી કાઢી, નવીન પ્રણાલિકાઓ બાંધી અને ભાવિ સમાજના બંધારણ માટેનાં માર્ગસૂચક સ્તંભો કે ચિહ્નો ઉભાં કર્યાં... એ વગેરેની વિગત આપણને સંસ્કૃતિમાંથી મળે છે. એમાં વ્યક્તિઓની તથા ભિન્ન ભિન્ન સમુદાયો કે જૂથોની માત્ર હવાઈ આકાંક્ષાઓ, અભિલાષાઓ આદર્શો કે સંકલ્પોનો જ નહીં પણ તેને મૂર્ત કે સિદ્ધ કરવા માટેની મથામણો, ભગીરથ પ્રયાસો અને પ્રયોગોનું પણ તેમાં પ્રતિબિમ્બ પડે છે. સિદ્ધિને નહીં વરેલી સદ્પ્રવૃત્તિનું પણ મૂલ્ય અંકાય છે. Attempt is more glorious than achievement. બીજા શબ્દોમાં કહીએ તો સંસ્કૃતિ ઇતિહાસની આરસી બની રહે છે.

અને આપણે એ જ ઇતિહાસ દ્વારા જાણીએ છીએ કે મનુષ્યનું જીવન માત્ર રોટલો અને ઓટલો પૂરતું સીમિત નથી, એનું અંતરંગ કોઈ અદૃષ્ટ અકલ તત્ત્વની ખેવના અને ખોજ કર્યા કરતું હોય છે, તથા એ અંતરંગ કોઈને કોઈ માધ્યમ દ્વારા આવિષ્કાર પણ પામતું હોય છે. આમ સંસ્કૃતિની ગાથા રાજા–પ્રજાના ઇતિહાસ ઉપરાંત ધર્મ, સાહિત્ય અને કલાની રસકથા પણ બની રહે છે. ભારતીય સંસ્કૃતિમાં વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, પુરાણો વગેરે મુખ્ય છે

તો એ અસીમ જ્ઞાન સાગરની અસંખ્ય છોળો રૂપે પ્રગટ થયેલું અને હજીય પ્રસિદ્ધ થતું જતું ધર્માચાર્યો, સંતો, વિદ્વાનો વગેરેએ સર્જેલું વાઙ્મય અત્યંત વિપુલ છે એટલું જ નહીં પણ વૈવિધ્યસભર છે. તત્ત્વ-દર્શન-ધર્મ-કર્મ-યજ્ઞની અનેક શાખાઓ, જ્યોતિષ, ખગોળ, ગણિત, આયુર્વેદ, ન્યાય, સાહિત્યમીમાંસા, કાવ્ય, ચિત્ર, સંગીત, નૃત્ય, શિલ્પ આદિ કલાઓ, હુન્નરઉદ્યોગ, વ્યાપારવાણિજ્ય, નૃવંશ, પુરાતત્ત્વ, પશુરંગી શાસ્ત્ર, યુદ્ધ-શસ્ત્રશાસ્ત્ર, રાજ્ય અને સમાજશાસ્ત્ર, નીતિ-રાજનીતિશાસ્ત્ર વગેરે વિવિધ વિષયોનો વ્યાપ ધરાવતી મહત્ત્વની ૬૪ વિદ્યાકલાઓ આપણી સંસ્કૃતિનાં આભૂષણો છે.

આપણો મૂળ મુદ્દો સંસ્કૃતિ અને સંસ્કાર વચ્ચેનો ભેદ સમજવાનો છે. જેમ વર્ષો વીતે, સૈકાઓ વહે તેમ જીવનના નવા સંદર્ભોના અનુલક્ષમાં જીવન જીવવાની પરિપાટી અને પ્રણાલિ બદલાતી રહે, ધર્મ, કલા, શિક્ષણ, રાજકારણ વગેરે જીવનના દરેક ક્ષેત્રમાં અભિવ્યક્તિ અને આવિષ્કારોનાં સ્વરૂપો પરિવર્તન પામતાં રહે...આમ બાહ્ય રૂપરંગમાં બધું બદલાતું રહે છતાં એ સર્વના પાયામાં રહેલાં મુળભૂત મૂલ્યો એવાં ને એવાં જ રહે છે. એ માનવ મૂલ્યોના અર્થઘટનમાં નાવિન્ય આવે પણ એનું અસલ સ્વરૂપ તો એનું એ જ રહે. આ સનાતન મૂલ્યો એ જ સંસ્કાર એ જ સાચી સભ્યતા. યંત્રયુગ કે વિજ્ઞાનયુગના વિકાસને લીધે સાધનો અને સાધના-પદ્ધતિ નવાં નવાં રૂપ ધારણ કરે પણ પાયાનાં સંસ્કારમૂલ્ય તો અવિકારી અને અવિનાશી જ રહે.

આધ્યાત્મના ક્ષેત્રે પણ આ જ સિદ્ધાંત લાગુ પડે. દા.ત. દેશ અને કાળની પરિસ્થિતિ પ્રમાણે દેવસ્થાનોમાં પ્રાર્થના-પૂજાની પદ્ધતિમાં કે જે તે ધર્મના અનુયાયીએ પાળવાના



વ્રત-નિયમોમાં ભિન્નતા જણાય. પરંતુ એ સર્વમાં અંતિમ લક્ષ્યબિન્દુ તો સંયમ, જીવનશુદ્ધિ, આત્મશુદ્ધિ દ્વારા ઇશ્વરાભિમુખ બનવાનું છે. આ લક્ષ્ય તે સંસ્કાર છે, તે જ રીતે વિવિધ પ્રકારના વ્યવસાયો દ્વારા મનુષ્ય સાહસ-પુરુષાર્થ કરીને નિર્વાહ તથા વધુ સંપત્તિ-સુખ મેળવવા અર્થપ્રાપ્તિ માટેની સેંકડો પ્રવૃત્તિ કરે તે સ્વાભાવિક છે. પરંતુ તેના તમામ વ્યાપાર-વ્યવહારમાં તે ન્યાય, નીતિ, પ્રામાણિકતા, સદાચાર વગેરેનો લેશ પણ લોપ ન થવા દે એ સંસ્કારી માણસ માટે અત્યંત આવશ્યક બની રહે છે. જેમ અર્થમાં તેમ કામમાં પણ ધર્મ-પુરુષાર્થનો ધ્વંશ ન થવા દેવો એ એના ચરિત્રની સંસ્કાર જ્યોતને જવલંત રાખવા માટે જરૂરનું છે. શાસ્ત્રની ભાષામાં કહીએ તો અર્થ અને કામ ધર્મસંયત અને ધર્મસંમત હોય ત્યાં સુધી શુદ્ધ સંસ્કાર ભ્રષ્ટ કે વિકૃત થતા નથી.

'સંસ્કાર' શબ્દના ધાતુગત અર્થનો વિસ્તાર કરીએ તો સંસ્કારવું એટલે ઓપ આપવો, અશુદ્ધિ દૂર કરી શુદ્ધ કરવું -સંસ્કરણ કરવું. કાટ કે કચરાથી મલિન થયેલા વાસણને માંજવાથી-સંસ્કારવાથી તે પાત્ર શુદ્ધ અને ઉપયોગી બને છે. સાબુથી કે સાબુવાળા પાણીથી મેલું વસ્ત્ર ઊજળું અને સુઘડ બને છે. અગ્નિમાં તપાવવાથી સંસ્કાર પામેલું સુવર્ણ ચળકાટ મારે છે અને એમાંથી મનમાન્યા અલંકારો ઘડી શકાય છે. તેવી જ રીતે સતત આત્મનિરીક્ષણ, પ્રાયશ્ચિત્ત વગેરે દ્વારા મન અને એની વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, વિશુદ્ધિ-કરણ, સંસ્કરણ કરતા રહેવાથી જીવન ઉજ્જવલ બનતું જાય છે એવો સંતમહાત્માઓ ઉપદેશ આપે છે. આધુનિક સંત અને ચિંતક જે. કૃષ્ણમૂર્તિએ સંસ્કારની બહુ સરસ વ્યાખ્યા આપી છે :

"Culture is consideration for others."

તાત્પર્ય કે મનુષ્યે પોતાનાં પ્રત્યેક વૃત્તિ, વિચાર, વાણી કે વર્તન અન્ય કોઈને જરા સરખું પણ દુઃખનું નિમિત્ત બનતાં નથી—એવો જાગ્રત ખ્યાલ રાખવો એનું નામ સંસ્કાર. ભક્ત કવિ નરસિંહ મહેતાના સુપ્રસિદ્ધ પદની પ્રથમ પંક્તિમાં પણ આ જ ભાવનો પડઘો પડે છે :

"વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે."

આ પારકી પીડ જાણવી એ જ માનવધર્મ અને એજ સંસ્કારધર્મ.

એક અંગ્રેજ કવિએ સમયદેવતાના મુખમાં બે પંક્તિ મૂકી છે કે,

"men may come and men may go
But I go on for ever.

આપણે 'સંસ્કાર' ના મુખે એ પંક્તિઓ સાંભળીએ :

"સંસ્કૃતિ જાય ને આવે
હું સંસ્કાર સનાતન."

શ્રી યોગેશ્વર કૃપા.
સંદિપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.



# સાક્ષાત્કારી સર્વશ્રેષ્ઠ

—ધમ્મપદ

સૂર્ય દિવસે પ્રકાશે છે;
ચંદ્ર રાતે અજવાળું પાથરે છે;
યોદ્ધો બખતરમાં શોભે છે;
બ્રાહ્મણ ધ્યાનમાં દીપ્તિમાન દીસે છે,
પરંતુ
જે જાગી ચૂક્યો છે, તે તો રાત અને દિવસ તેજથી દેદીપ્યમાન બની રહે છે.

ભગવાન બુદ્ધના ધમ્મપદના આ ઉદ્ગારો ઘણા સૂચક અને સારગર્ભિત છે. એમાં એમણે 'જે જાગી ચૂક્યો છે' —આત્મસાક્ષાત્કાર કરી ચૂક્યો છે, એવા માણસને સૂર્ય અને ચંદ્રથી પણ મહાન ગણાવ્યો છે; કારણકે સૂર્ય રાતે પ્રકાશી શકતો નથી ને ચંદ્ર દિવસે પોતાનું શાંત તેજ વરસાવી શકતો નથી; જ્યારે આત્મદર્શી મહાપુરુષનું તેજ તો દિવસે અને રાતે એક સરખું પ્રકાશ પાથરતું રહે છે. કેવી સરસ વાત કરી છે એમણે ?

૨૫૦૦ વર્ષ પહેલાંની ભગવાન બુદ્ધની આ વાત–સનાતન સત્યસમી છે. આપણા યુગમાંજ આપણે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા મહા આત્મદર્શી કે ઈશ્વરદર્શી પુરુષ જોયા,–પ્રત્યક્ષ જોયા અમને એમની સાથે અનેકવાર આ પૃથ્વી પર ચાલ્યા, એમનો ચરણસ્પર્શ ને કરુણામય પ્રેમભરી દૃષ્ટિ પામ્યા. એવા પુરુષો આ પૃથ્વી પર મળવા મુશ્કેલ છે. છતાં કેવળ કરુણાભાવથી પ્રેરાઇ, હિમાલયનો એકાંતવાસ

છોડી ભગવાન બુદ્ધની જેમ, અમૃતપદની લ્હાણ કરવા એ આપણી વચ્ચે વિચર્યા, પરંતુ આપણામાંથી કેટલા એમને ઓળખી શકયા ?

પ્રભુની કૃપા સિવાય સંત મહાત્માને ઓળખી શકાતા નથી.

*

કોઈ પણ વસ્તુ સિદ્ધ કરવાનો સંકલ્પ એ જ અભીપ્સા. અભીપ્સા એટલે પ્રકાશ પ્રતિ ગતિ કરવાની ઉત્કટ ઇચ્છા, ક્રિયા.

અભીપ્સા એ સ્વરૂપની બીજી બધી ક્રિયાઓની જેમ ખીલવવાની, કેળવવાની વસ્તુ છે.

આપણે પ્રત્યેક દિન સઘળી ભૂલો અવસ્થાઓ અને સઘળાં અજ્ઞાનો પર વિજય પ્રાપ્ત કરવા માટે અભીપ્સા કરવી જોઇએ. નિરંતર અભીપ્સા સઘળા દોષો પર વિજય મેળવે છે.

તમારા અંગત આરામ માટેની, અંગત ઇચ્છાની તૃપ્તિની, આનંદ-વિનોદની કે સુખોપભોગની હરેક રીતની ઝંખના તજી દો. તમારી ઝંખના માત્ર એક જ હોવી જોઇએ-પ્રગતિ.

શુભેચ્છા સાથે......

* વી. ઠાકોરભાઇ એન્ડ કું. *

રાજશ્રી ટોકીઝ સામે, આનંદ એપાર્ટમેન્ટ,
સયાજીગંજ, વડોદરા-૫



## સર્વેશ્વરી માને !

કાયા રે કરી કેમ કૃશ? સર્વેશ્વરી માય !
કાયા રે કરી કેમ કૃશ?—ધ્રુવ.
યોગેશ્વરજીએ દીક્ષા દીધી,
સમર્પિત ભાવે તમે એ લીધી;
મહાત્માજી કહેતા નવ કો'ને ગયા;
"મોકલો માને જે પાછળ રહ્યાં"
છોડી ઉપવાસ રહોને સદાય !
સર્વેશ્વરી માય !—કાયા રે.

ગુરુની આજ્ઞા શું એવી કારમી ?
અમને રહે નવ વિશ્વાસ;
બોઠી બે વર્ષ અપવાસી રહ્યાં,
કેમ કરી લેતાં તમો શ્વાસ ?
આતમ પ્રબળ, ઇશ્વર સ્હાય !
સર્વેશ્ર્વરી માય !—કાયા રે.

હવા ભક્ષણ કરી તમો જીવતાં !
અમો જમીએ બની નિરુપાય;
બોદાં રે સંસારી અમે બ્હી જતાં;
"રખે રખડાવી લેતાં રે વિદાય !"
ચિર જીવી કાપો અમ કષાય.
સર્વેશ્ર્વરી માય !—કાયા રે.

સદા સત્સંગી સહુયે વીનવે;
"હવે તપસ્યા તો ખૂબખૂબ થઈ;
જુલમ કરો અવ ન કાયા પરે,
પારણાં કરો રે પ્રસાદ લઇ"
માગે સમાપન આ સમુદાય.
સર્વેશ્ર્વરી માય !–કાયા રે.

ડો. અશ્વિનભાઇ પટેલ.

# પ્રકાશના પંથે

સં. પરમાર્થી

[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથાનો સંક્ષેપ]

અમે નાવમાં પ્રવાસ કરતાં કરતાં સીસોદરા આવી પહોંચ્યાં ત્યારે તાપ પુષ્કળ હતો. ગામની પાસે આવેલા એક આશ્રમમાં અમારે જવાનું હતું. તેના એક કોઠારીજીનો આગ્રહ હતો એટલે અમે પ્રખર તાપમાં ત્યાં ગયા હતા. તે વખતે ત્યાં બે સાધુ પુરુષોને જોયા હતા. સ્થાન એકંદરે ઠીક હતું. આજુ બાજુ આંબાવાડિયું હતું. ત્યાંથી ગામ દૂર હતું. નદી પણ દૂર હતી. જો કે પાણીની વ્યવસ્થા માટે હેન્ડ પંપ હતો. છતાં સ્થળ માટે ખાસ આકર્ષણ થયું ન હતું. તેથી એક બે દિવસ ત્યાં રહીને અમે સીનોર ગયા હતા.

સીનોરમાં નર્મદા કિનારે એક મહાદેવનું મંદિર છે. વસ્તીથી દૂર ને નર્મદાથી ઊંચાઈ પર આવેલું આ સ્થાન એકાંત પ્રેમીને માટે ખૂબ જ અનુકૂળ છે. તે જોઇને અમે બપોરની ટ્રેનમાં માલસર ગયા હતા. માલસર રમણીય સ્થળ છે. તેની રમણીયતા વિશેષે કરીને ત્યાં આવેલાં ત્રણ મોટાં મંદિરોને લીધે છે. એમાં શંકરનું મંદિર ને માધવદાસજીનું મંદિર વધારે સુંદર છે. માલસરવાળા માધવદાસને કોણ નહિ જાણતું હોય ? તે સિદ્ધ પુરુષ પોતાની શક્તિમાટે સારી પેઠે પ્રખ્યાત હતા. થોડોક વખત હિમાલયમાં સાધના કરીને તે માલસરમાં આવીને રહેલા. માલસરથી પાછા સીનોર આવીને અમે મોટર દ્વારા વડોદરા પહોંચ્યા હતા. લગભગ સાત દિવસનો એ પ્રવાસ એકંદરે આનંદદાયક રહ્યો હતો.

## વેરાવલ, આલ્મોડા ને મહુવામાં

ચૈત્ર વદમાં અમે વેરાવલ ગયાં. જે દિવસે વેરાવલ



પહોંચ્યાં તે દિવસે તારીખ ૧ લી એપ્રિલ ૧૯૫૨ હતી. વેરાવલ નજીક આવતાં પહેલાં તો હવા તદ્દન બદલાઈ ગઇ. સમુદ્રની ઠંડી હવા ગરમીને શાંત કરી ઠંડક ફેલાવી દેતી ચારે તરફ ફરી વળી. વેરાવલના સ્ટેશને ભાઈ મનુભાઇ આવેલા. મનુભાઇને વેરાવલમાં ડેપ્યુટી કલેકટરની જગ્યા મળી હતી. નાની ઉંમરમાં તેમણે સારો અભ્યાસ કર્યો હતો. હવે પ્રભુની કૃપાથી કામ પણ સારું મળ્યું હતું. વેરાવલમાં તેમને રહેવા માટે સરકારી બંગલો મળેલો. ગામથી દૂર છેક દરિયા-કિનારે આવેલો બંગલો ખૂબજ સુંદર હતો. ત્યાં અમે બધા મળીને વીસ દિવસ નિવાસ કર્યો. ગરમીનું તો ત્યાં નામ-નિશાન દેખાતું ન હતું. દરિયાની ઠંડી હવા રાતદિવસ વાતાવરણમાં ફરી વળતી. કોઇ જુદી જ દુનિયામાં વસતા હોઈએ એમ લાગતું હતું.

વેરાવલથી અમે પ્રાચી પણ જઇ આવ્યાં. પ્રાચી તીર્થ-સ્થાન છે. પૃથુ રાજાએ એ સ્થળમાં યજ્ઞ કર્યા હતા એમ કહેવાય છે. પાછા વળતાં માર્ગમાં ગોરખ મઢીનાં દર્શન થયાં. ગોરખ મઢીનું ખરું સૌંદર્ય જોવું હોય તો મકાનની પાછળ આવેલી નદીનું દર્શન કરવું જોઇએ. ભેખડ ને ઝાડી વચ્ચેથી વહેતી નદી ખૂબ જ રમણીય લાગે છે. મકાનમાં એક બાજુ ગોરખનાથજીનું કહેવાતું ભોંયરું છે. સ્થળ એકંદરે સુંદર છે.

આ બાજુ એક ઠેકાણે શ્રી ગાયત્રી દેવીનું પ્રાચીન મંદિર છે. તેના દર્શને પણ અમે એક દિવસ જઈ આવ્યાં. આમ વેરાવલનો નિવાસ એક પ્રકારનો ઉત્સવ જેવો બની રહ્યો. હવે અમારે હિમાલય જવાનો સમય નજીક હતો. એટલે હિમાલય પ્રસ્થાનની તૈયારી કરવા અમે સાબરમતી પહોંચી ગયાં.

એ વરસે દેવપ્રયાગ જવાની ખાસ ઇચ્છા ન હતી, કેમકે ત્યાંના શાંતાશ્રમની આસપાસની જમીન તૂટી ગઇ હતી ને માર્ગ પણ તૂટી ગયેલો. થોડોક સમય ઋષિકેશમાં કોઈ સારું સ્થળ શોધીને રહેવાની ઇચ્છા હતી. એ વરસે આલ્મોડા તરફ જવાની પણ અનુકૂળતા હતી. વેરાવળથી એક ભાઇએ આલ્મોડાના ત્રણ પ્રતિષ્ઠિત પુરુષો પર ભલામણ પત્રો લખી આપેલા. તે આ બાબતમાં સહાયક થઈ પડે તેમ હતા.

અમે લાંબો પ્રવાસ કરી આલ્મોડા જઈ પહોંચ્યાં. આલ્મોડાની હવા ઠંડી હતી. પર્વતની ઉત્તુંગ માળા ચારે બાજુ શોભી રહી હતી. દૃશ્ય મનોહર હતું. ઉન્નતિની દૃષ્ટિએ પણ આ બાજુનો પ્રદેશ વધારે આગળ પડતો લાગ્યો. અહીં આવીને બીજે દિવસે અમે અમારી સાથેના ઓળખ પત્રો લઈને નીકળ્યા પરંતુ તે સહાયરૂપ ના થઇ શકયા. રહેવા માટે સારું મકાન શોધવાના અમારા પ્રયાસ પણ સફળ ના થયા. એ સ્થિતિમાં વધારે વખત સુધી આલ્મોડામાં રહેવાનું ઉપયોગી ના લાગવાથી અંતે અમે ઋષિકેશ જવાનો નિર્ણય કર્યો.

ઋષિકેશનો નિવાસ એકંદરે આનંદપ્રદ રહ્યો. વરસાદના દિવસોમાં ખાસ કરીને ગંગા ને પર્વત અનેરી શોભા ધારણ કરે છે. પર્વતને નદી કુદરતની શોભામાં વધારો કરે છે; ને તેથી મને તે ખૂબ રુચિકર લાગે છે. આની સાથે હિમાલયની પ્રાચીન મહિમાગાથા અંતરને આ અલૌકિક પ્રદેશ તરફ સદાય આકર્ષ્યા કરે છે.

ઋષિકેશમાં ભરત મંદિરનું સ્થાન ખૂબ જ સુંદર, શાંત, એકાંત તથા સર્વ પ્રકારે અનુકૂળ હતું. એટલે દિવાળી સુધી ત્યાં જ રહેવાનો વિચાર હતો. હિમાલયની દિવ્યભૂમિ મને અત્યંત અનુકૂળ આવે છે. તે ભૂમિના નિવાસના દિવસો



સ્વર્ગ સુખની જેમ આહ્લાદક થાય છે ને તે ભૂમિમાં એક વાર ગયા પછી તરત તેને છોડવાનું દિલ થતું નથી. પણ મારું જીવન પ્રભુની પ્રેરણા પ્રમાણે ચાલે છે. પ્રભુની પ્રેરણા પ્રમાણે નવરાત્રી પહેલાં મારે મહુવા જવાનું બન્યું. ઋષિકેશની સુંદરતા અને અલૌકિકતા મહુવામાં ન મળે એ સમજી શકાય તેમ હતું. પરંતુ ઇશ્વરની ઇચ્છાને મંગલ માનીને એને અનુસરવાનું બરાબર હતું.

મહુવા પહોંચ્યા પછી ત્રીજે જ દિવસથી મેં પાણી પર રહીને નવરાત્રીવ્રત શરૂ કર્યું. એ વ્રત માટે માની પ્રેરણા મળી ચૂકી એટલે અતિશય આનંદપૂર્વક મેં તેનું પાલન કર્યું.

નવરાત્રી વ્રત દરમ્યાન વધારે બોલવું ના પડે તે માટે મેં દિવસભરનું મૌન લઇ લીધું. વ્રત દરમ્યાન સાંજે સાતથી નવ સુધી વાર્તાલાપ ને ભજન કીર્તનનો કાર્યક્રમ રાખ્યો હતો.

એક દિવસ એક લાખોપતિ શેઠ મારા દર્શને આવ્યા. તેમણે વિવેકભરી વાતો કરી પછી છેવટે કહ્યું, 'મુંબઇ જઇ હું શેનો સટ્ટો કરું તો કરોડપતિ થઇ જઉં. સોનાનો, ચાંદીનો કે બીજા કશાનો, તે તમે શાંતિથી ધ્યાનમાં જોજો ને મને વેચવા-લેવાની માહિતી આપતો રિપોર્ટ પણ લખી આપજો. મેં કહ્યું કે મારો ત્યાગ ને મારી શક્તિ આવી ક્ષુદ્ર વસ્તુને બતાવવા માટે નથી. હું તો ઇશ્વરનો પ્રેમી છું ને પ્રેમનો જ માર્ગ બતાવું છું.'

ઉપવાસ દરમ્યાન થોડો થોડો તાવ આવવો શરૂ થયો તેથી નબળાઇ વધી. તાવની પીડા દસેક દિવસ રહી. એટલે બધા મળીને ૨૨-૨૩ દિવસ મૌનવ્રતમાં ને નબળાઈમાં ગયા. એ પછી શરીરને સુધારવાની અનિવાર્ય આવશ્યકતા હતી એટલે, ને મહુવાનું વાતાવરણ અનુકુળ હતું એટલે,

બરાબર અઢી મહિના રહેવાનું ત્યાં થયું. એ દરમ્યાન કેટલાય પ્રકારના ચિત્રવિચિત્ર અનુભવો થયા.

મહુવામાં એક બીજા શ્રીમંત પુરુષનો પરિચય થયો. તેઓ વાતચીત કરવામાં ખૂબ જ કુશળ ને મીઠા હતા. સારી સારી વાતો કર્યા પછી તેમણે મને કહ્યું, 'તમે જરા શાંતિથી સમાધિમાં બેસીને જોજો. બહુ ઉતાવળ નથી. બે ચાર દિવસ પછી પણ જોજો જરૂર. ને જોયા પછી મને કહેજો કે મારે સોના-ચાંદીનો વેપાર કેવી રીતે કરવો. એક કાગળમાં દિવસ વાર બધી માહિતી લખી લેજો. તે મને ખપ લાગશે. જુઓ આમાં મારો કોઇ સ્વાર્થ નથી. બે પૈસાની પ્રાપ્તિ થાય તો ઘણાં ઘણાં કામ થઇ શકે પણ પૈસા વિના શું થઇ શકે?'

મેં તેમને લખીને કહ્યું : હું આવું કાંઇ જોતો નથી. અને એ કાંઇ જાણતો પણ નથી. હું તો પ્રભુનું નામ જ જાણું છું. એ વિશે કાંઇ પૂછવું હોય તો પૂછો. બીજી વાતો બતાવનારા કોઇ સાધુ તમને મળી રહેશે.'

છતાં પણ તેમને શાંતિ વળી નહીં. અંતિમ આગ્રહ કર્યા પછી તે વિદાય થયા. મુંબઇ જઇને તેમણે એક પત્ર પણ લખ્યો હતો. તેનો ઉત્તર આપવાનું મને ઠીક ના લાગ્યું. આવા માણસો વધારે ભાગે સંતમહાત્માની પાસે આવા જ ક્ષુલ્લક સ્વાર્થ માટે જતા હોય છે. તેમને તેવા સંતસાધુ પણ મળ્યા કરે છે. પણ સાચા સંત આવી ક્ષુદ્ર ભાવનાના સંતોષ માટે કદી પણ પ્રયાસ નહિ કરે. સાચા સંતમાં લક્ષ્મી આપવાની શક્તિ હોય છે ખરી, પણ જેને એની આવશ્યકતા છે, અથવા જે દીનહીન ને ગરીબ છે, એવા નિર્મળ માનવોને જ તે તો પોતાની રીતે મદદ કરશે, આવા ચતુર શ્રીમંત માણસોના સટ્ટાના તે કોઇ પણ સંજોગોમાં દલાલ નહીં બને.

(ક્રમશઃ)



## દીવાળી કાર્ડ

શ્રી સત્યપથ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે ગયા વરસની જેમ આ વરસે પણ સુંદર દીવાળી કાર્ડનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ પ્રકારની ડિઝાઇનવાળાં સુંદર દીવાળી કાર્ડ આપ નીચેના કોઇ પણ કેન્દ્ર પરથી મેળવી શકશે.

શ્રી અતુલ કોન્ટ્રાકટર, 'યોગેશ્વરકૃપા' પુરોહિત ડાઇનીંગ હોલ પાસે, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦

શ્રી અજય પટેલ, ૩, ચિત્રકૂટ એપાર્ટમેન્ટ, ટાગોરનગર, કાલાવડ રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

શ્રી અમીત ચાવાલા, ૨, નરસિંહનગર, નારણપુરા ચાર રસ્તા અમદાવાદ–૩૮૦૦૧૩

શ્રી અજય જાની ૧૯૮૮/બી, સરદારનગર ભાવનગર–૧

શ્રી હરિભાઇ ભોજાણી, ગેસ્ટહાઉસ રોડ, મોરબી–૩૬૩૬૪૧

શ્રી વિનુભાઇ અઝીન, વાડી, વાપડાપોળ વડોદરા

શ્રી રમેશભાઇ પટેલ, એકસપ્રેસ એન્જીનીયરીંગ, સ્ટેશન રોડ, સુરત

શ્રી ઈશ્વરભાઇ ભક્ત, કપુરા

શ્રી મધુસુદન ભટ્ટ, ૬૦૬ બી શ્રોફ એપાર્ટમેન્ટ, સોડાવાલા લેન, બોરીવલી (૫૦) મુંબઇ–૪૦૦૦૯૨

ગયા વરસે ઘણા માણસોને કાર્ડનો સ્ટોક ખલાસ થઇ જતાં આપી નહતા શકયા. તો આ વરસે સ્ટોક ખલાસ થાય તે પહેલાં આપ તુરત મેળવી લેશો જેથી નિરાશ થવું ન પડે.

રૂા. ૫૦૦ નાં કાર્ડની ખરીદી પર પૂ. માના સુવર્ણ હસ્તાક્ષરવાળું કાર્ડ ભેટ મળશે.

સહુ સાધકોને આ કાર્ડનો પ્રચાર કરી સહકાર આપવા વિનંતી છે.

# એક રોમાંચક યાત્રા

નારાયણ હ. જાની

પશુપતિનાથની અમારી એ યાત્રા જેટલી અણધારી હતી એટલીજ રોમાંચક રહી. પૂ. માશ્રી સર્વેશ્વરી સાથે તા. ૨૬/૬ ના રોજ હાવરા સ્ટેશને ઉતર્યા ત્યારે અમારામાંના કોઇનેય કલ્પના નહોતી કે અમારી આ યાત્રામાં પશુપતિનાથની યાત્રાનો પણ સમાપેશ થશે.

કેટલીક ઘટનાઓ આકસ્મિક બનતી દેખાય છે પરંતુ તે પ્રભુસંમત હોય છે. અમારા લક્ષ્મીનારાયણ મંદિરના ઉતારા ઉપર સાંજે એક ભાઈ મળવા આવ્યા. તેમણે વાતવાતમાં ઉલ્લેખ કર્યો કે કલકત્તાથી ખટમંડુ જવું સહેલું છે. વિમાન-માર્ગે માત્ર સવા કલાકજ લાગે. આજ ભાઇએ એક વર્ષ પહેલાં પૂ. માને આજ વાત કરેલી એટલે પૂ. માએ એમને વિમાનના ભાડા તેમજ બીજી આનુષંગિક વાતો પૂછી લીધી. અમારા આશ્ચર્ય વચ્ચે અમારી કલકત્તાની દક્ષિણેશ્વર તેમજ બેલૂર મઠની યાત્રા શરૂ થાય તે પહેલાંજ પૂ. માની સૂચનાથી ઇન્ડીઅન એરલાઇન્સમાં અમે તપાસ આરંભી. પરંતુ ત્યાંના અધિકારીઓની લાપરવાહી તેમજ પ્રવાસીના પ્રશ્નોના બીન-સમાધાનકારી પ્રત્યુત્તરોથી અમને દુઃખ થયું. અમે નેપાલ એરલાઇન્સની ઓફિસની તપાસ કરવા માંડી પરંતુ તે અંગેની પૃચ્છા કરતાં અમે એક બીજીજ ટ્રાવેલ એજન્સીમાં જઇ ચડ્યાં.

ત્યાં એક બહેન બેઠેલી. એણે અમારી વિગત સાંભળી, ઇન્ડીઅન એરલાઇન્સનાજ વિમાનમાં અમારી જરૂરિયાત પ્રમાણેનાં રીઝરવેશન કરાવી આપવાની તત્પરતા બતાવી.



એથી અમને સંતોષ થયો.

હવે અમારે માટે મુખ્ય પ્રશ્ન પૈસાની વ્યવસ્થાનો હતો, કારણ કે કલકત્તાથી ખટમંડુનું જવા આવવાનુ એક વ્યક્તિનું ભાડું રૂા. ૧૩૦૦ જેવું થતું હોય છે. પરંતુ જે કાર્યમાં ઈશ્વરની ઇચ્છા ભળેલી હોય તેમાં સર્વ મૂંઝવણોનો ઉકેલ સહજરીતે મળી જતો હોય છે. અમારી પૈસાની વ્યવસ્થા પણ અમારા સહયાત્રી શ્રી મહેતા સાહેબ ને પૂ. માની કૃપાથી થઇ ગઈ!

તા ૨૫/૬ના રોજ સાંજે અમે ડમડમ વિમાન મથકે જવા ઉપડયા. ખડમંડુમાં અમારૂં રોકાણ બે રાત્રિનું હતું. એટલે વધારાનો સામાન કલકત્તા રાખી, અમે જરૂર પૂરતોજ સામાન સાથે લીધો હતો.

બંગલા દેશના મુક્તિ સંગ્રામ વખતે ડમડમ વિમાનનો ઉલ્લેખ અમે રેડિયો ઉપર અનેકવાર સાંભળતા. ત્યારે કલ્પના ન હતી કે એ વિમાનઘરને પ્રત્યક્ષ નિહાળવાનું સૌભાગ્ય અમારા જીવનમાં કયારેક પ્રાપ્ત થશે.

અમારા બારમાંથી પાંચ છ ભાઈ બહેનો એવાં હતાં, જેમને માટે વિમાનની આ પહેલીજ સફર હતી. આ એક નાની વિદેશયાત્રાજ હતી. અહીંના વિશાળ વિમાનઘરમાં ઘણી સુંદર વ્યવસ્થા છે. તેમજ પ્રવાસીઓને બેસવાના સુઘડ આરામકક્ષ પણ જોવા મળે છે. નેપાળ ભારતની ઉત્તર સરહદ પરનું સ્વતંત્ર ગુરખા હિંદુ રાજય છે. તેને પોતાનું સ્વતંત્ર ચલણ છે. જો કે ભારતનું ચલણ ત્યાં લોકો સ્વીકારે છે. તે વખતે ભારતના ૧૦૦ રૂા. નું મૂલ્ય નેપાળના રૂા. ૧૬૮ જેટલું હતું. અહીં અમારે અમારી પાસેના ભારતીય ચલણની

ઔપચારિક જાહેરાત કરવી પડે છે ને કસ્ટમ વગેરેની ચકાસણી-માંથી પસાર થવુ પડે છે. વિમાની સફરમાં થતી ચાંચિયા-ગિરીના કારણે પ્રવાસીઓને સીક્યુરીટીની કડક ચકાસણીમાંથી પસાર થવું પડે છે.

અમે ડમડમ વિમાની મથકે પહોંચ્યા ત્યારે વરસાદ શરૂ થઈ ગયો હતો. આકાશમાં કાળાં વાદળોનો ઘટાટોપ હતો. સાંજના પાંચનો સમય થયો હોવા છતાં સારા પ્રમાણમાં અધારૂં લાગતું. આમ છતાં વર્ષા ને વાદળોનું ય એક પ્રકારનું સૌંદર્ય હોય છે. આકાશમાં જે ઝડપથી વાદળો આકાર બદલતાં હોય છે, તે જોયાંજ કરીએ તો પણ મન ધરાતું નથી. પાણી એ તો જીવન છે અને જીવનનાં દેનાર વાદળોની વર્ષા–પ્રલયકારી હોય તોય–હંમેશ આવકાર્ય રહી છે. પાણી વિના જીવન કેવું કષ્ટમય બની જાય છે, તેનો અનુભવ આ વર્ષે સૌરાષ્ટ્રના રાજકોટ જામનગર તેમજ અન્ય ભાગોએ જે કર્યો છે, તે પછી પાણીનું વિશેષ મૂલ્ય લોકોને સમજાવા માંડયું છે. મફત મળતાં પાણી અને વાણી વેડફાય નહિ, તે સાધકો સમજે તે જરૂરી છે.

પૂ. મા અમારી સાથે હતાં. એમને વિદેશ યાત્રાનો સારો એવો અનુભવ હતો. પ. પૂ. શ્રી યોગેશ્વરજી સાથે એમણે ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા અને દક્ષિણ આફ્રિકાની વિમાન યાત્રાઓ કરેલી. એટલે અમારે શું શું વિધિઓ કરવાની તેની સૂચનાઓ પણ તેઓએ આપી. વળી શ્રી પંકજ ભક્ત અમેરિકાથી આવેલ તેથી તેને આ બધી વિધિઓની સારી એવી માહિતી હતી. એ અમને ઘણો ઉપયોગી થયો. વિમાન-માં પણ સ્મોકીંગ અને નોન સ્મોકીંગ એરિયા (વિભાગો) હોય છે. એટલે એણે અમારી સીટોની ફાળવણી નોનસ્મોકીંગ



વિભાગમાં કરાવી, જેથી સીગારેટના ધૂમાડાની અણગમતી વાસ સહન કરવી ન પડે.

બધી વિધિઓ પૂર્ણ કરી અમે આરામકક્ષમાં બેઠા. કાચની બારીઓમાંથી સમગ્ર વિમાનઘરનો વિમાનોના (રન–વેનો) ઉતરવાનો વિસ્તાર દેખાતો હતો. એમાં કેટલાંય વિમાનો ઉભેલાં હતાં. પરંતુ અમારૂં વિમાન કયું છે ને ક્યાં ઊભેલું છે તેની અમને ખબર ન હતી.

આખરે ખટમંડુની ફ્લાઇટની જાહેરાત થતાં અમે બસમાં બેસી અમારા વિમાન સુધી પહોંચ્યાં. તે વખતે વરસાદ પડતો હતો. અમારી બાર સીટો વિમાનના આગળના ભાગમાંજ હતી. પૂ. માએ સૂચના આપી કે જેઓ વિમાનમાં પહેલીજ વાર બેસે છે તેમને બારી પાસેની બેઠકો આપો જેથી તેઓ બહારનાં દૃશ્યો જોઇ શકે, આ સૂચનામાં પૂ. માની વ્યવહાર દક્ષતાનું દર્શન થાય છે અમારૂં વિમાન ખાસ્સુ મોટું હતું. ૩૦૦ ઉપરાંત બેઠકો તેમાં હતી. પરંતુ પેસેન્જરો પ્રમાણમાં ઓછા હતા; એટલે પાછલી બેઠકો ખાલી હતી.

વિમાન રન.વે ઉપર દોડવા માંડયું કે અમે ગુરૂદેવ શ્રી યોગેશ્વર ભગવાન કી જય, શ્રી પશુપતિનાથ કી જય બોલવી. એથી બીજા ઉતારૂઓનું ધ્યાન અમારા તરફ ખેંચાયું, પરંતુ અમારૂં લક્ષ એ તરફ ન હતું. વિમાનમાં યાત્રાળુઓ પ્રમાણ-માં ઓછા હતા. જે હતા તે છૂટા છવાયા હતા. અમારી જેમ સમૂહમાં ન લાગ્યા. બાકી તો પ્રવાસીઓ ને વેપારી-ઓની સંખ્યા મોટા પ્રમાણમાં છે.

વિમાન એકવાર રન–વે ઉપરથી ટેક–ઓફ કરે એટલે પ્રવાસીઓ પોતાના બેલ્ટ (પટ્ટા) ઢીલા કરી દે છે. પછી

વિમાન હવામાં તરતુ થયું, એટલે બહારની વિમાનની તેજ ગતિનો ખ્યાલ પ્રવાસીને જરાય આવતો નથી. માત્ર જમીન ઉપરનાં ખેતરો-શહેરો, નદીઓ વગેરે નાના રકમડાં જેવા નીચે પસાર થતાં ધીમે ધીમે દેખાય. વરસાદને લીધે, તે દિવસે આકાશમાં સારા પ્રમાણમાં વાદળો હતાં. વાદળોના પણ વિવિધ થર હોય છે, તેનો ખ્યાલ વિમાન જેમ જેમ ઉંચાઇ પર ઉડતું થાય એમ એમ જોનારને આવવા માંડે છે. અમારૂં વિમાન નીચલા વાદળોના થરો વીંધીને ઘણી ઊંચાઇ ઉપર સ્થિર રીતે ઉડ્ડયન કરવા લાગ્યું, ત્યારે વાદળોને લીધે અવરોધાતો સૂર્યનો પ્રકાશ અમને એકદમ દૃષ્ટિગોચર થયો. એનું દર્શન થતાંજ લાગ્યું કે શરીરમાં રહેલ આત્માનો પ્રકાશ પણ માયાનાં આવરણોમાં ઢંકાયેલો પડ્યો છે. એ આવરણો આત્મિક સાધનાની ઉંચાઇ વડે પાર કર્યા સિવાય શી રીતે દૃષ્ટિગોચર થવાનો ?

હિમાલયના પહાડોના દક્ષિણ તરફના ઢાળાવો આ વિમાનની સફરમાં જોવા મળે છે. એમાં બરફથી ઢંકાયેલાં શિખરો ઉપર અસ્તાચળ પરના કિરણો જે રીતે પ્રતિબિંબિત થતાં હોય છે, તે મનોરમ દૃશ્યો સર્જે છે. એથી એમની શોભા અનેક ગણી વધી જાય છે. આવું દૃશ્ય થોડી મિનિટો માટેજ જોવા મળ્યું, પરંતુ તે માનસપટ ઉપર હંમેશ માટે કોતરાઇ ગયું ને સ્મૃતિમાં સદા માટે સંઘરાઇ ગયું.

ખટમંડુના વિમાનઘરે ઉતરાણ કર્યા પછી ત્યાંની વિધિઓ પતાવી બહાર આવતાં કલાકેક થઇ ગયો. ટેકસીઓ કરી અમે ઉતારા માટેની હોટલોની તપાસ કરી. છેવટે અમે નાની સરખી છતાં સ્વચ્છ હોટલ પૂજામાં મુકામ કર્યો. વિમાની પ્રવાસ દરમ્યાન વાતચીતમાં પૂ. માથી સહજરીતે બોલાઇ



ગયેલું કે ખટમંડુમાં કોઈ પૂજા ગંગા જેવી હોટલમાં ઉતરીએ તો સારૂં. યાત્રાએ આવ્યા છીએ ને એટલે રહેઠાંણુના નામ પણ એવાં હોય તો સારૂં. સહજ ભાવે બોલાયેલા એ શબ્દો બે કલાક પછી તદ્દન સત્ય ઠર્યા. જેમનાં શરીર ને મન તપથી પવિત્ર થઇ ગયાં હોય છે, એમની વાણીય સત્યજ ઉચ્ચારતી થઈ જાય છે. કહો કે ઘટનાઓ એમના મનોભાવોને અનુસરે છે, એવું જોવા મળે છે.

હોટેલના ઉતારામાં ગોઠવાયા પછી પૂ. માએ હંમેશના નિયમ મુજબ સ્નાનવિધિ પતાવી બધાજ સાધકોને પોતાના કમરામાં બોલાવ્યા. પછી ધન્ય ધન્ય ગુરૂદેવની શક્તિ કાર્ય અમારૂં સફળ કર્યું, એ સ્તુતિ દ્વારા પ. પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીની શક્તિનો આભાર માન્યો. એમની કૃપા વડેજ અમે સહુ સુખરૂપ વિમાની પ્રવાસ પૂરો કરી ખડમંડુ ભગવાન પશુપતિનાથના પવિત્ર ધામમાં આવી પહોંચ્યા હતા. હવે અમારી અહીંની યાત્રાનો પ્રારંભ થતો હતો.

બીજે દિવસે હોટલવાળા છોકરાને અમે સવારે પાંચ વાગે ગરમ પાણી આપવા કહ્યું તો તે અમારી સામે જોઇજ રહ્યો ! એણે કઇક સમજ પડતાં કહ્યું "ઇધર કોઈ સાત બજે પહેલે ઉઠતા નહિ. સાત બજે ગરમ પાણી મીલેગા." અમે એને સમજાવી કહ્યું અમારે સાવારે છવાગે તો પશુપતિનાથના દર્શને જવાનું છે.

'ઈતના જલ્દી કોઈ નહિ ઉઠતા' કહી તે ચાલ્યો ગયો. એને અમે લોકો કંઈક વિચિત્ર લાગ્યા. એ સાચો હતો. અહીં આવનારા મોટાભાગના લોકો પ્રવાસ માટે મોજમઝા માટે આવતા. રાત્રે મોડે સુધી જાગતા ને મદ્યપાન કરતા. એ બધા સવારે શું કામ વહેલા ઉઠે ! આખરે અમે ઠંડે

પાણી નાહી લઈ છ વાગે પૂ. માના ઓરડામાં ભેગા થયા. નિયમ મુજબ શ્રી યોગેશ્વર બાવની અને પૂ. શ્રીની આરતી કરી ભગવાન પશુપતિનાથના દર્શને જવા ઉપડયા.

ત્રણ ટેકસીઓ ભાડે કરી. અહીંની ટેકસીઓ સરસ હોય છે. બધીજ જાપાનની ટોયોટો ગાડીઓ. પાણીના રેલાની જેમ ચાલે. ગમે તેટલો પ્રવાસ કરો થાક ના લાગે. આ પ્રાચીન મંદિર ખરેખર ભવ્ય છે. એનો ઉપરનો દેખાવ તિબેટી કે ચીન દેશના સ્થાપત્યને મળતો આવે છે. ભારતીય સ્થાપત્ય કળા કારીગીરી એમાં નથી દેખાતી.

મંદિરના પટાંગણમાં પ્રવેશવાનો મોટો ભવ્ય તોતિંગ દરવાજો છે. અંદરે ફોટો પાડવાનો કેમેરો લઈ જવાની મનાઈ છે. જો કે મંદિરની બહાર પ્રવાસીઓના ફોટા પાડનાર ફોટોગ્રાફરો ફરતા હોય છે. અમે પણ ગ્રુપમાં એક ફોટો પૂ. મા સાથે આ દરવાજા આગળ પડાવ્યો, એક નાની વિદેશ-યાત્રાની સ્મૃતિરૂપ.

મંદિરના પટાંગણમાં પ્રવેશદ્વાર સામેના ચોગાનમાં ઊંચી બેઠક ઉપર એક પ્રચંડકાય ભગવાન શંકરનું વાહન પોઠિયો છે. આ પોઠિયાનું આખું શરીર સુવર્ણના ગિલેટવાળા પતરાથી મઢેલું છે. તેની નજીકમાં બીજુ પોઠિયાનુ નાનું સ્વરૂપ પણ પધરાવેલું છે. મંદિરની અંદર રહેલ ભગવાન શંકરના પંચમુખી ભવ્ય લિંગનું દર્શન કરવા માટે સાત આઠ પગથિયાં ચઢવાં પડે છે. અમે એ પગથિયાં ચઢી ભગવાન્ શંકરનાં—પશુપતિનાથનાં દર્શન કર્યાં. મંદિરના ગર્ભદ્વારમાં પ્રવેશવા દેવાની અહીં મનાઈ છે. માત્ર પૂજારીઓજ અંદર પ્રવેશી શકે છે અને તમે જે કાંઇ પૂજાની સામગ્રી ફુલ, ફળ, માળા પ્રસાદ આપો તે પ્રભુને ચઢાવી, પ્રસાદી ને માળા



પાછી આપે છે. પૂજારીઓનો અહીં કોઈ ત્રાસ નથી, મંદિરને ચાર દ્વાર છે ને દરેક દ્વાર આગળથી શ્રી ભગવાન્ પશુપતિનાથનું અંતર માત્ર આઠ દસ ફુટ જેટલું જ છે. એટલે ખૂબ સરસ રીતે નજીકથી પ્રભુનાં દર્શન થઇ શકે છે. દરેક દ્વાર ઉપર એક એક પૂજારી હાજર હોય છે. અહીંના પૂજારીઓ લાલરંગના અંગરખાં ને નીચેનાં ધોતિયાંનો ખાસ પોષાક પહેરે છે. પહેલી નજરેજ પૂજારી ઓળખાઈ જાય છે.

અહીં મંદિરમાંથી પૂજારીઓ દરેકને ચંદનનો પ્રસાદ આપે છે જે દર્શનાર્થી કપાળે લગાવી કૃતકૃત્યતા અનુભવે છે. મંદિરના અંદરના ભાગમાં એક મોટા ઓળસિયા ઉપર સતત ચંદન ઘસાતું રહે છે. જેથી દર્શનાર્થીઓને ચંદનની પ્રસાદી અપાતી રહે.

અહીં મંદિરમાં માંકડાંઓની ઉપસ્થિતિ સારા પ્રમાણમાં છે. આ માંકડાંઓ સાવ નિર્ભીક થઇ ફરે છે ને યાત્રીઓની છાબડીઓમાંથી કૂદકો મારી પ્રસાદ ઝૂટવી જાય છે. આવુંજ એક માંકડું ઉપરથી કુદકો મારી મારા ખભા ઉપર પડયું અને મારી પૂજાની છાબમાંથી પ્રસાદનું પડીકું ઉપાડી મંદિરના ઉપરના ભાગમાં ચઢી ગયું. ઘડીભર તો હું ગભરાઈ ગયો, પરંતુ પછી થયું ચાલો, પ્રભુએ એમનાજ એક અંતેવાસી મારફત અમારો પ્રસાદ સ્વીકારી લીધો. (ક્રમશઃ)

*

## પ. પૂ. માનો જન્મદિન

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મ દિન તા. ૧૩ નવેમ્બરે આવે છે. વડોદરાના ઉત્સાહી સત્સંગી ભાઇઓના આગ્રહથી આ વર્ષે તેનો ઉત્સવ વડોદરા ખાતે રહેશે. તા. ૧૩ અને ૧૪ નવેમ્બર. વિગતે કાર્યક્રમ અલગ રીતે મોકલવામાં આવશે.

હાર્દિક શુભેચ્છાઓ સાથે.......

VADILAL
ICE CREAM

શહેરનો સૌથી વધુ
તાજગી ભર્યો સ્વાદ

વાડીલાલ માર્કેટિંગ પ્રાઇવેટ લિમિટેડ

" પિતૃ આશીષ ", જરીવાલા પાર્ક, ઈશ્વરભુવન રોડ
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ફોન : ૪૬૧૦૨૦, ૪૪૯૮૩૩, ૪૬૧૮૮૨



# અનુભૂતિ વગરની અભિવ્યક્તિ કૃત્રિમ

ધર્મ એ તો એક વ્યક્તિની અનુભૂતિ અને એમાંથી નીપજતી અભિવ્યક્તિ પર આધારિત છે. અનુભૂતિમાંથી જન્મતી અભિવ્યક્તિ હંમેશા સ્વાભાવિક અને સરળ હોય છે. જ્યાં અનુભૂતિ અદૃશ્ય થાય છે ત્યાં અભિવ્યક્તિની ભાષા કૃત્રિમ અને અતિ અલંકારક બને છે. બુદ્ધનું ધમ્મપદ અને ઇસુનું 'સર્મન ઓન ધ માઉન્ટન' અત્યન્ત સરળ ભાષામાં અભિવ્યક્ત થયાં છે. ઉપનિષદોની ભાષા જુઓ તે ખૂબ સચોટ અને સરળ છે. ધર્મની પવિત્રતા અનુભૂતિ અને અભિવ્યક્તિના સંગમસ્થાને જ રહે છે. જ્યાં જ્યાં આ સંગમ નથી ત્યાં ધર્મનાં અનેક દૂષણો દૃષ્ટિગોચર થાય છે.

— રોહિત મહેતા

શુભેચ્છા સાથે:-

* ઇન્ડસ્ટ્રીઅલ લાઇનીંગ *

૨૫૪, જી. આઈ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા, વડોદરા-૧૦

શુભેચ્છા સાથે.......

ટી. વી. વ્યાજબી કિમતે એક વર્ષ
ગેરંટી સાથે મળશે...

SHERETON-TV
કલર અને બ્લેક/વ્હાઇટ
ઉત્પાદક :
મયુર ઈલેકટ્રોનીકસ
૨૨૫, બિઝનેસ સેન્ટર, પથ્થરકુવા,
રીલીફ રોડ, અમદાવાદ-૧. ફોન : ૨૨૯૯૪૯

બ્લેક એન્ડ વ્હાઇટ કલર ટી. વી. ના
પાર્ટસ જેવા કે

ટયુબ, કીટ્સ, કમ્પોનન્ટલ પણ વ્યાજબી
વેપારી ભાવે મળશે.

તા. ક. : ગામેગામ ડીલર નીમવાના છે. ડીલરશીપ માટે
પૂછપરછ આવકાર્ય છે.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના હસ્તે

## 'પ્રકાશપંથકા યાત્રી'નું વિમોચન

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના હસ્તે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથાના હિંદી અનુવાદનું પુસ્તક "પ્રકાશ-પંથકા યાત્રીનુ" વિમોચન તા. ૨૫-૧૦-૮૬ ના રોજ સાંજે ૪-૩૦ કલાકે મુંબઇના શ્રી પ્રેમપુરી આશ્રમ, બાબુલનાથ, મુંબઇ-૬ ખાતે થશે. આ પ્રસંગે હિન્દીપ્રચાર સભાના ડાયરેકટર તેમજ જાણીતા હિન્દી લેખક ડો. રામયતનસિંહ ઉપસ્થિત રહેશે. તો સહુને તે પ્રસંગે ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. આ પુસ્તકનો હિંદી અનુવાદ ડો. ભાનુકુમાર નાયકે કર્યો છે. પૂ. માશ્રી સર્વેશ્વરી તા. ૨૪-૧૦-૮૬ થી તા. ૨૮-૧૦-૮૬ સુધી મુંબઇ છે. તેઓશ્રીનો ઉતારો શ્રી મધુભાઈ ભટ્ટ, શ્રોફ એપાર્ટમેન્ટ-બી વીંગ, છઠ્ઠે માળે, સોડાવાલા લેન, બોરીવલી વેસ્ટ, મુંબઇ-૯૨ ખાતે રહેશે. દરરોજ સાંજે સત્સંગનો કાર્યક્રમ પણ રહેશે.

## * જીવન ધન્ય ક્યારે થાય ? *

જેમના પર ભગવાનની દયા હોય ને જેમના પાપ જતાં રહ્યાં હોય તેમને સત્સંગ-ભજનમાં રસ પડે છે. સત્સંગ એ કળિયુગમાં તરવાની દવા છે. સત્સંગથી સાચું શું તે સમજાય છે, ને ભગવાન પર પ્રેમ થાય છે. ભગવાન પર પ્રેમ થયા વિના જીવનમાં શાંતિ નથી. ભગવાનમાં પ્રેમ થાય એટલે ખૂબ આનંદ લાગે છે. ભગવાનનો પ્રેમ એ જ સાચી વસ્તુ છે. તે વિનાની ગમે તેવી સંપત્તિ કે બાદશાહી હોય તો પણ તેની કિંમત એક કોડીની પણ નથી.

ભગવાનનો પ્રેમ થવાથી સંસારનાં દુઃખ અડકી શકતાં નથી. બધાં દુઃખ ટળી જાય છે. સ્વાર્થી સંસારનો પડદો તૂટી જાય છે, ને ભગવાન વિના કશામાં મન લાગતું નથી. મીરાંબાઇ, નરસિંહ ભગત, તુકારામ વગેરેની જેમ જીવન ધન્ય ધન્ય થઈ જાય છે.

ભગવાનના નામનો જપ ને તેના ધ્યાનમાં-સારાં સારાં પુસ્તકો વાંચવામાં જ આનંદ આવે છે. આવા જીવો પર ભગવાનની દયા થાય છે ને તેમનાં દર્શન થાય છે, તથા શાંતિ મળે છે.

મનુષ્યશરીર એટલા જ માટે છે કે ભગવાનની ખૂબ ભક્તિ થઈ શકે, જ્ઞાન મેળવી શકાય ને ભગવાનનું દર્શન થાય. બીજી કોઈ યોનિમાં ભગવાનનું દર્શન થઈ શકતું નથી. કેવળ મનુષ્ય યોનિમાં જ તે શક્ય છે. એટલે મનુષ્ય શરીરમાં જન્મ લઈને જે ભક્તિ કરે છે, ભગવાન પર પ્રેમ કરે છે તે જ ધન્ય છે, ને તેનું જ જીવન સફળ છે.

—શ્રી યોગેશ્વરજી
( 'હિમાલયના પત્રો 'માંથી )

ADHYATMA Regd. No. GBV 113

## ઈશ્વરની કૃપા

તારી મરજી મુજબ કોઇ કાર્ય થાય છે, ત્યારે તું એમ માને છે કે ઈશ્વરે કૃપા કરી.

અને મરજી મુજબનું કાર્ય નથી થતું ત્યારે ઇશ્વરની કૃપા ના થઇ એમ કહે છે. આઘાત લગાડે છે, આક્રંદ કરે છે.

તારી એ પદ્ધતિ પ્રામાણિક નથી; દોષપાત્ર છે.

એનું કારણ એ છે કે તારે માટે શું શુભ અથવા શું અશુભ, શું મંગલ અથવા અમંગલ છે, તેની તને પ્રતીતિ નથી. તારી બુદ્ધિ, દૃષ્ટિ, શક્તિ સર્વકાંઇ સીમિત છે એટલે એ સર્વશક્તિમાનના વિધાનને તું નથી સમજતો.

રાત પડે છે ત્યારે રડે છે, કિન્તુ એની આગળ જ દિવસ છે એ વાતને વિસરી જાય છે.

તાપ તપે છે ત્યારે તપી ઉઠે છે, કિન્તુ વૃષ્ટિની શક્યતા એને લીધે જ છે એનું સ્મરણ તને નથી રહેતું.

પરંતુ જ્ઞાની, ભક્ત, શ્રદ્ધાવાન તથા યોગી તો ત્યારે જ કહેવાય જ્યારે એ મંગલમય જે કરે છે તે તારા મંગલને માટે જ કરે છે એવા વિશ્વાસને સદાય અચળ રાખ, અને શુભ કે અશુભ, ઇચ્છાપૂર્વકનું કે ઈચ્છા વગરનું-જે પણ આવી મળે તેમાં મનની સમતુલાને સાચવી રાખીને એની કૃપાસુધાનો સ્વાદ ચાખ. બીજી બધી યે શંકા, વ્યથા, ચિંતાને ખંખેરી નાખ. એ અંતર્યામી પાસે એ માટેની ભિક્ષા માગ.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩—૫૪ સી, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧